Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૨૧ ● તા. ૧૭.૦૫.૨૦૧૧ થી ૨૩.૦૫.૨૦૧૧ ● વૈશાખ સુદ ૧૫ થી વૈશાખ વદ ૦૬ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# મજબૂતાઈ અથવા તો ઘટાડો તૈયારીમાં

## તેલના ભાવમાં થોડી પણ વૃધ્ધિ અને રજી ઈસ્યુ પરનો ચુકાદો રૂખને હાલપુરતો આકાર આપશે

**તા. ૧૬ મે, ૨૦૧૧ થી ૨૦મે, ૨૦૧૧**
**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

આપણને એફ આઈ આઈ દ્વારા ભારે પ્રેરિત વેચવાલીનું દબાણ જોવા મળ્યું. શુક્રવારે બજાર હકારાત્મકતા સાથે આવતા પહેલાં ક્રુડ અને કોમોડીટીના ભાવમાં હળવાશ જોવા મળી, આ ઉપરાંત નાણા પ્રધાનશ્રીની હવે વધુ તેલના ભાવો નહીં વધે તેવી જાહેરાતે પણ બજારને મદદ કરી.

**મજબૂતાઈનાં કારણો**

બજાર ભારે શોર્ટ કવરીંગથી પ્રેરિત રેલીનો અનુભવ કરી રહેલ હોવા છતાં તેમ જ કોંગ્રેસના સહયોગીઓ પશ્ચિમ બંગાળ, આસામ અને કેરાલા રાજયની ચૂંટણીઓમાં વિજયી બન્યા છતાં આ સમયે જ આપણને જોવા મળ્યું કે એફ આઈ આઈ આખા માસ દરમ્યાન સ્પષ્ટરીતે વેચવાલ જ રહેલ છે, લાગે છે તેઓ આ વેચવાલી ચાલુ જ રાખશે. અને તેથી જયાં સુધી એફ આઈ આઈ અને વૈશ્વિક બજારોની પ્રેરણા હકારાત્મક ન બને ત્યાં સુધી આપણે બીજી કોઈ ખાસ ઉર્ધ્વગતિની અપેક્ષા રાખી શકીએ તેમ નથી

બાય એન્ડ સેલ
રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

**ઘટાડાનાં કારણો**

એફ આઈ આઈ સ્પષ્ટ રીતે વિચારણીય હદે વેચવાલ રહેલ છે, આવનાર દિવસોમાં આપણે હજુ તેલના ઉંચા ભાવનો અનુભવ પણ કરવાનો છે, જો આમ બનશે તો તે આપણા બજારના સેન્ટીમેન્ટને ખૂબ ભારે નુકશાન કરશે.

બીજી અગત્યની બાબત એ છે કે ઘણી રાજકીય વ્યક્તિઓ અને તેમની ૨ જી ઈસ્યુ સાથે સંકળાયેલ કંપનીઓના અધિકારીઓની આવનાર સપ્તાહે ધરપકડ થાય. આ બાબત કેન્દ્ર સરકાર પર ગંભીર દબાણ લાવી શકે અને તે હાલમાં ટૂંકા ગાળા માટે કોંગ્રેસ દ્વારા ચાલતી કેન્દ્ર

અનુસંધાન પા.નં. ૬ ઉપર

- ★ ઈલેકશનનો ઊભરો બે દિવસ ટકે તો માર્કેટ આગળ વધે
- ★ વૈશ્વિક બજારો અને આંતરિક પરિબળોથી ઘેરાયેલ ભારતીય શેરબજાર
- ★ રાજ્યોના ચૂંટણી પરિણામોની બજારો પર લાંબી અસર નહિ રહે
- ★ આવનાર દિવસોમાં બજારમાં ચંચળતા અને ભ્રામકતા ચાલુ રહેશે તેથી સાવચેતી રાખો
- ★ સ્મોલકેપ, પેન્ની સ્ટોક્સમાં ઓપરેટરો, એચએનઆઈનું વેલ્યુબાઈંગ ઉછાળો સર્જશે

**ટેકનીકલ ચાર્ટ તેજી દર્શાવી રહેલ છે, પરંતુ ૫ રાજયોમાં ચૂંટણીઓ પૂર્ણ થવાથી જો સરકાર પેટ્રોલીયમ પ્રોડકટના ભાવમાં વધારો કરે તો બજારને નકારાત્મક અસર થઈ શકે.**

## ૧૬ મે, ૨૦૧૧ થી ૨૦ મે, ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૫૪૫)**
**સેન્સેક્ષ (૧૮૫૩૧)**
**તા. ૧૩.૫.૨૦૧૧**

અમોએ જણાવેલ કે 'હવે બજારે ૫૮૦૦ ની સપાટીને હાંસલ કરવા માટે પ્રયત્ન કર્યો અને ૫૭૭૫ એ વેચવાલી બતાવેલ અને પછી અપેક્ષા મુજબ તૂટેલ અને ૫૫૦૦ ની દર્શાવેલ અને પછી શુક્રવારે શોર્ટ કવરીંગને જોવા મળેલ. ટેકનીકલી બજાર હજુ પણ નબળું છે અને હજુ વધુ શોર્ટ કવરીંગ જોવા મળી શકે અથવા તો આવનાર દિવસોમાં કેટલિક સાઈડવે મુવમેન્ટ પણ જોવા મળી શકે. જો કે બજારમાં વ્યાપાર કરવાના હેતુ થી ૫૬૩૫ મજબૂત પ્રતિકારક સપાટી જણાય છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૫૫૦૦ ની સપાટી જળવાઈ રહે ત્યાં સુધી હું ઘટાડે ખરીદી કરવાનું જ પસંદ કરુ.

બજાર ફરીએક વાર અપેક્ષા મુજબ ફલેટ રહ્યું અને ૫૫૦૦ નજીક ટેકો મેળવ્યો અને ૫૬૩૫ નજીક પ્રતિકારક સપાટી મેળવી રહેલ છે.

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

ટેકનીકલી બજાર હજુ પણ સાઈડવે ઝોનમાં છે અને ૫૫૮૦ના ઝોનમાં બ્રેક આઉટની જરૂર છે અને જો તેમ બને અને તે ઉપર ટકી રહે તો આપણને ૫૭૦૦ ની સપાટી જોવા મળે, નહીં તો તે મુશ્કેલ ઝોનમાં રહે. ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૫૫૦૦ ની સપાટી જળવાઈ રહે ત્યાં સુધી હું ખરીદી કરવાનું પસંદ કરુ.

### ઈનસાઈડર

● મોટાભાગના ટીવી એનાલીસ્ટોએ મંદીનાં ગાણાં ગાવાનાં ચાલુ રાખેલ છે, પણ ઈનસાઈડર માહિતિ એવી છે કે ચેનલો ચલાવવા વાળા મંદીમાં ફસાણા છે, તેઓને તેજીવાળા ૫૬૬૦ થી ૫૮૦૦ વચ્ચે કપાવડાવે છૂટકો કરશે.

● ડંકન ઈન્ડ.માં ઈન્ટેન્શનલી અનઓડીટેડ રિઝલ્ટ ખરાબ આપી ફરતો સ્ટોક અંકે કરવાની પેરવી ચાલે છે, જુન રિઝલ્ટ બાદ સપ્ટેમ્બર કવાર્ટર સુધીમાં વર્તમાન ભાવથી ડબલની વાતો સંભળાય છે.

● નાહર સ્પીનીંગમાં ઓપરેટરો માલ ભેગો કરી રહ્યા છે અને છ-બાર માસમાં ૨૮૦ થી ૩૦૦ ના ભાવની વાતો સંભળાય છે.

● એલ એન્ડ ટીમાં આવતા સપ્તાહે રિઝલ્ટ પહેલાં ઓપરેટર સક્રિય થયો હોય તેવા ખબર આવ્યા છે. મે માસનો ૧૫૦૦ અને ૧૬૦૦ નો કોલ દરેક ઘટાડે લો. બમણા ભાવ આવશે.

● એક્ષીસ બેંકમાં હજુ પણ ઉપર રૂ. ૫૦ની જગ્યા છે તેવું ચર્ચાઈ રહેલ છે.

● આવતા સપ્તાહે નાની બેંકોમાં ઓપરેટર સક્રિય થશે. અત્યારથી જ રૂ. ૨૦૦ નીચેની પી એસ યુ બેંકના શેર ઉપાડી લો. સારો લાભ થશે. વિજયા બેંક, સેન્ટ્રલ બેંક અને યુકો બેંકમાં ધ્યાન સારૂં.

### ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા



શેર સમ્રાટ
મો. ૯૭૨૫૦૫૦૫૦૭
http://humcapital.co.in

ગત સપ્તાહે ટ્રેડીંગ એક સાંકડી રેન્જમાં જ થયું પરંતુ આ સપ્તાહ સમાચારોથી ગરમ રહ્યું. ૫ રાજયોનાં આવેલાં પરિણામોમાં બે માનુનીઓએ તેમના રાજયમાં વિજય મેળવી સત્તા પલટો કરાવ્યો. શેર બજારે પણ આ પરિણામને વધાવ્યું, પેટ્રોલીયમ પ્રોડકટના ભાવ હાલ પુરતા વધશે નહીં તેવી એફ એમ ની જાહેરાતને કારણે બજારે રાહતનો દમ લીધો. ફૂગાવાનો દર પણ ૭.૭ ટકા આવ્યો અને માર્ચ માસનો આઈ આઈ પી ડેટા ૭.૩ ટકા આવ્યો અને શુક્રવારે બજારમાં સામાન્ય હકારાત્મકતા જોવા મળી.

આમ તો નિફ્ટી છેલ્લા ૧૫ દિવસોમાં ૬૦૦ પોઈન્ટથી વધુ તૂટી ગયેલ છે અને છેવટે ૫૫૫૮.૯૦ પોઈન્ટે બંધ આવેલ છે.

નિફ્ટી ફયુચર ૫૬૨૦ની ઉપરની સપાટીએ ટકવા સમર્થ ન હતું. આવનાર સપ્તાહે જો નિફ્ટી આ સપાટી ઉપર ટકી રહેશે તો તે પછી તે ઉપર તરફ ૫૬૯૦ થી ૫૭૫૦ ની સપાટી દર્શાવી શકે.

નિફ્ટીનો ટેકો ૫૪૪૦ની સપાટીએ આવે છે. જો આ ટેકો તૂટે તો નિફ્ટી હવે પછી ૫૩૯૦-૫૩૫૦ ની સપાટી દર્શાવી શકે.

**સ્ટરલાઈટ ઈન્ડ. ખરીદો (૧૬૮.૦૦) :**

લંડન લીસ્ટેડ વેદાન્તા રીસોર્સની સબસીડીઅરી કું. સ્ટરલાઈટ ઈન્ડ. માં આવનાર દિવસોમાં સારી મુવમેન્ટ જોવા મળી શકે. વૈશ્વિક માંગ વધવાને કારણે લીડ થી એલ્યુમીનીયમ, ઝીંક અને કોપરહાલના ભાવ હાલ ઉંચી સપાટીએ જઈ રહેલ છે ત્યારે સ્ટરલાઈટ આ ક્ષેત્રમાં કાર્ય કરતી એક પ્રતિષ્ઠિત કું હોવાને કારણે તેનો લાભ તેને પણ મળી શકે તેમ છે. ટૂંકા ગાળામાં આ શેર સારો દેખાવ કરી શકે. ભાવ રૂ. ૧૬૮.૮૦, લક્ષાંક રૂ. ૧૯૬ + નો ભાવ જોવા મળી શકે. સ્ટોપ લોસ રૂ. ૧૬૨ રાખો.

**સિન્ટેક્ષ (૧૮૧.૭૦) :**

છેલ્લા સેશનમાં આ શેરમાં લેવાલી જોવા મળેલ હતી. આ સ્ટોકમાં ૭.૫૧ ટકા ઓપન ઈન્ટરેસ્ટ ઉમેરાયેલ છે અને તેના ભાવમાં પણ ૧૨.૪૦ ટકાથી ૧૫.૪૮ ટકા વૃધ્ધિ નોંધાયેલ છે. આ શેરમાં ૧૭૯ થી ૧૮૦ ના ભાવે લેણ કરી શકાય. લક્ષાંક રૂ. ૧૮૬ થી ૧૯૦, સ્ટોપલોસ રૂ. ૧૭૫ રાખવો.

**આઈ ડી બી આઈ (૧૩૭.૬૫) :**

છેલ્લા સેશનમાં આ શેરમાં સારી એવી લોંગ પોઝીશન જોવા મળેલ છે. આ શેર ૧૩૪ થી ૧૩૫ ના ભાવે ખરીદી શકાય. લક્ષાંક રૂ. ૧૪૨ અને ૧૪૪, સ્ટોપલોસ રૂ. ૧૩૨ નો રાખવો.

**બીલકેર (૩૮૮) :**

આ શેરમાં લાંબા ગાળા માટે હાલના ભાવે રોકાણ કરી શકાય. હાલમાં આ શેર ૪ ના પીઈ રેશિયોથી મળી રહેલ છે. આ કંપનીની પ્રગતિ તેમ જ વિકાસ જોતાં ના. વ. ૨૦૧૩-૧૪માં આ કંપનીના શેરનો ભાવ રૂ. ૮૩૦-૮૩૧ની આસપાસ હોઈ શકે. આ કંપની ૧૯.૮ ટકાના વાર્ષિક વિકાસ દરે પ્રગતિ કરી રહેલ છે. લાંબા ગાળા માટે આ શેરમાં રોકાણ કરી શકાય.

MERIT STOCK
Nifty - Best Offer First time for Big and small traders...
Open an ACCOUNT with us and EARN daily 20-30 Points.
No Advisory Charges.. Its FREEEE........
Accuracy such that u have never find before.. Above 95%.. Try & Believe.
Each n Every Call with strict SL and Proper Follow up.
Call & Put Option, Stock Futures are Another Services Offered.
For Past Performance and other details Pls visit :
www.meritstock.com

89059-89050

MERIT STOCK
Gold - Silver, Copper, Nickel, Lead, Zinc, Crude Oil-Natural Gas.
Each n Every Call with strict SL and Proper Follow up.
Special Sevices offered for Big Traders.
ACCURACY ABOVE 90 % ACTUAL
Intraday & Positional Call.
www.meritstock.com

89059-89050

**નિફ્ટીનો ૫૫૭૭ ઉપર બંધ આપે તો ૫૯૦૦ ક્રોસ થાય** — શરદ કોટક

# આ સપ્તાહે મોટી વધઘટે બજાર ચાલવાની સંભાવના

**ગ્રહ ગોચર :**

ચંદ્ર તુલા રાશિથી વૃશ્ચિક રાશિ સુધીનું ભ્રમણ, સૂર્ય વૃષભ રાશિમાં, મંગળ મેષ રાશિમાં, બુધ મેષ રાશિમાં, ગુરુ મેષ રાશિમાં, શુક્ર મેષ રાશિમાં, શનિ કન્યા રાશિમાં, રાહુ ધન રાશિમાં, કેતુ મિથુન રાશિમાં, પ્લૂટો ધન રાશિમાં, નેપ્ચ્યુન કુંભ રાશિમાં.

**ગ્રહ ચર્ચા :**

તા.૧૫ સવારે ૯:૫૧થી સૂર્ય એક મહિના માટે વૃષભ રાશિમાં રહેશે. વૃષભ રાશિમાં સૂર્ય તેજી આપનાર મનાય છે. ખાસ કરીને સરકારી કંપનીઓ (પીએસયુ), સોનુ, સોનાની ખાણ, સોનાની રિફાઈન્ડ કંપનીઓ, તાંબાની કંપનીઓ, રેશમ અને ઊનના કપડાની મિલો, સરકારી બોન્ડ, ગોલ્ડ બોન્ડ, વિદેશી મુદ્રા વગેરે પર વૃષભના સૂર્યનો પ્રભાવ પડે છે. ફાર્માસ્યુટિકલ કંપનીઓ પણ તેનાથી પ્રભાવિત થાય છે.

સોમવારે ચંદ્ર તુલા રાશિમાં રહેશે અને મંગળવારે બપોરે ૧:૦૪થી વૃશ્ચિક રાશિમાં આવશે. તુલાના ચંદ્ર પર મંગળ, બુધ, ગુરુ અને શુક્રની દૃષ્ટિ રહેશે. ત્યારે સ્વાતિ નક્ષત્ર હશે અને ૯:૫૬થી કુંભ નવમાંશ શરૂ થશે. મંગળવારે બપોરે ચંદ્ર વૃશ્ચિકમાં આવશે અને તા.૧૯ બપોરે ૩:૨૪ સુધી

**એસ્ટ્રો ગાઈડ**



**કીર્તિકુમાર બી.શાહ**

**મો. ૯૪૨૮૧૯૨૬૫૯**

વૃશ્ચિકમાં રહેશે ત્યારે સૂર્ય-ચંદ્રની પ્રતિયુતિ હશે. તા.૧૯ બપોરે ૩:૨૫થી ધન રાશિમાં આવેલો ચંદ્ર તા.૨૦મીએ પણ ધન રાશિમાં જ રહેશે. ધન રાશિમાં રહેલા રાહુની સાથે ચંદ્રની યુતિ થવાથી ગ્રહણદોષ બનશે. આ સપ્તાહે સૂર્ય અન્યોન્ય થકી ઉચ્ચનો થાય છે. મંગળ સ્વગૃહી છે.

**કંપની નફામાં વધારો :**

(૧) રાલીઝ ઈન્ડિયા ૧૨૬ કરોડનો નફો (૨) એસ્કોર્ટ ૫૭ ટકા ચોખ્ખો નફો વધ્યો (૩) આંધ્રસુગર ચોખ્ખો નફો ૬૦ ટકા વધ્યો (૪) ભારત ઈલેક્ટ્રોનિક્સ ચોખ્ખો નફો ૧૨૪ ટકા વધ્યો (૫) સ્ટેટ બેંક ઓફ હૈદ્રાબાદ ચોખ્ખો નફો ૭૫ ટકા વધ્યો.

**આ સપ્તાહ :**

આ સપ્તાહે તા.૧૬ થી ૧૮ આ ત્રણ દિવસ દરમિયાન ગમે ત્યારે મોટી મંદી આવી જવાની સંભાવના રહે છે. જ્યારે ગુરુ, શુક્ર દરમિયાન શરૂઆતના ત્રણ દિવસમાં આવેલ ઘટાડામાં સુધારો થવાની સંભાવના ગ્રહો દર્શાવે છે. સોમથી બુધ દરમિયાન સેન્સેક્સ ઘટાડા તરફી ચાલ દર્શાવી શકે. તેથી સાચવીને કામકાજ કરવું.

**ચેતવણી :** ગ્રહો, નક્ષત્રોને આધારે આ માત્ર સંભાવનાઓ છે. બજાર આ પ્રમાણે ચાલશે જ તેવું માનવું નહિ. લાભ-નુકસાન અમો જવાબદાર નથી.

## ટ્રેડીંગ સંભાવના

| | |
|---|---|
| ⇨ ઓએનજીસી | ⇨ કેડિલા હેલ્થકેર |
| ⇨ એસ્સાર ઓઈલ | ⇨ ગ્લેનમાર્ક ફાર્મા |
| ⇨ એચડીઆઈએલ | ⇨ એપોલો હોસ્પિટલ |
| ⇨ ફીનોલેક્સ કેબલ | ⇨ એસ..કુમાર |
| ⇨ બાટા ઈન્ડિયા | ⇨ ઝેનોટેક લેબ. |
| ⇨ રિલાયન્સ એનર્જી | ⇨ સિરપુર ગોલ્ડ |
| ⇨ ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ | ⇨ એજી ગોલ્ડ |
| ⇨ ચેન્નાઈ પેટ્રો | ⇨ હિંદ કોપર |
| ⇨ શ્રીરામ ટ્રાન્સપોર્ટ | ⇨ ટાઈટન |
| ⇨ ઈન્ડિયા ગ્લાયકોલ | ⇨ ફીનિક્સ મિલ |

## ડાર્ક હોર્સ

| | |
|---|---|
| ⇨ વિપ્રો | ⇨ મધરસન સુમિ |
| ⇨ ભેલ | ⇨ નોવાર્ટિસ |
| ⇨ ભારત ફોર્જ | ⇨ ડેક્કન ક્રોનિકલ |
| ⇨ ઉસર એગ્રો | ⇨ હિન્દ ઓઈલ |
| ⇨ મોન્સાન્ટો | ⇨ મેરિકો |
| ⇨ જીવીકે પાવર | ⇨ બીપીસીએલ |

## લાંબાગાળાનું રોકાણ

| | |
|---|---|
| ⇨ આઈટીસી | ⇨ નેક સોફ્ટ |
| ⇨ આઈસર મોટર | ⇨ વી-ગાર્ડ |
| ⇨ જ્યોતિ સ્ટ્રકચર | ⇨ કલ્યાણી ફોર્જ |
| ⇨ દિપક ફર્ટી. | ⇨ ટાટા સ્પોન્જ |
| ⇨ આલોક ઈન્ડસ્ટ્રીઝ | ⇨ બાર ટ્રોનિક્સ |
| ⇨ શ્યામ ટેલિકોમ | ⇨ બેલ સિરામિક |

## ફ્યુચર ટ્રેડીંગ

- ⇨ એબીજી શીપયાર્ડ
- ⇨ એલએન્ડટી
- ⇨ આઈડીબીઆઈ બેંક
- ⇨ ટિસ્કો
- ⇨ તાતા મોટર
- ⇨ ભેલ
- ⇨ એનએમડીસી
- ⇨ હિંદ ઝીંક
- ⇨ તાતા કેમિકલ્સ

## હાઈ રિસ્ક - હાઈ પ્રોફિટ

- ⇨ એલઆઈસી હાઉસીંગ
- ⇨ જેએન્ડકે બેંક
- ⇨ ત્રિવેણી એન્જિનિયરિંગ
- ⇨ રીલીઝ ઈન્ડિયા
- ⇨ એજ્યુકોમ્પ સોલ્યુશન્સ
- ⇨ બજાજ ઈલેક્ટ્રિકલ્સ
- ⇨ ઈન્ડિયન ઓઈલ કોર્પ.
- ⇨ કેઈર્ન એનર્જી
- ⇨ મારુતિ

# આગામી સમયમાં વિવિધ કોમોડીટીમાં ઘટાડાનો દોર જારી રહેશે

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડીટીમાં ઘટાડો જોવા મળ્યો, જ્યાં સપ્તાહમાં સૌથી વધુ ધ્યાન ચાંદીમાં જોવા મળ્યું હતું. ઘટ્યા ભાવથી ફરી વધીને ૬૦૦૦૦ની નજીક પહોંચ્યા બાદ ફરી નીચેની રુખ જોવા મળી અને ભાવ ઘટીને ૫૦૦૦૦ની અંદર પહોંચી ગયા હતા જે સપ્તાહના અંતે નીચેથી સામાન્ય વધીને ૫૪૦૦૦ની આસપાસ રહ્યા. આંતરરાષ્ટ્રીય સોનામાં ભાવ ૧૫૦૦ ડોલરની આસપાસ ફરતા રહ્યા હતા, ચાંદીમાં હવે રોકાણકારો મુંઝવણ અનુભવી રહ્યા છે. તો કેટલાંક લોકો ઉપરના ભાવની ખરીદીમાં ફસાયા છે. અમે વારંવાર કહ્યું હતું કે ચાંદીમાં ધ્યાન ટ્રેડીંગમાં લઈને વેપાર કરવાનું છે અને એમ લાંબા ગાળામાં રોકાણ ના રખાય. જ્યાં બજારમાં ચાંદી આ તેજીનો લાભ લેવા ઈક્વિટી એનાલીસ્ટ પણ કોમોડીટીની પાછળ ધ્યાન આપીને તેજી તેજીની વાતો કરતા જતા હતા. જે આજકાલ હવે ચુપ થઈ ગયા છે. અમે લગભગ ચાર સપ્તાહ પહેલાંના અંકમાં જણાવેલ હતું કે ચાંદીમાં તેજીનો ફુગ્ગો રચાઈ રહ્યો હોય તેમ લાગે છે. અને તેના ફંટામેન્ટલ વિગતવાર છેલ્લાં દસ વરસના સપ્લાય ડીમાંડના આંકડા પણ રજુ કરીને દર્શાવેલ હતા. હવે આગામી સમયમાં આ ઘટાડાનો દોર આગળ વધે, આંતરરાષ્ટ્રીય સોનામાં પણ હવે એક મોટો ઘટાડો જોવા મળે તો નવાઈ નહિ.

ક્રુડનો ક્યાસ: આંતર રાષ્ટ્રીય ક્રુડમાં એક ૯૫.૨૦ ડોલરથી ૧૦૪.૭૦ ડોલરની રેંજમાં ફરતું જોવા મળે, હાલ કન્સોલીડેશન જોવા મળે જ્યાં નીચેમાં ૯૫ ડોલરની નીચે જતા નીચેમાં ૮૫ ડોલર માટેની જગ્યા થશે. ટૂંકા ગાળામાં ઉપરમાં વેચી વેપાર કરાય. લાંબા ગાળામાં ક્રુડમાં ઘટાડા તરફી રુખ જોવા મળી શકે અને ભાવ નીચે ૮૦ ડોલર સુધી જાય તો નવાઈ નહિ. એમસીએક્સમાં ૪૩૯૦નો સપોર્ટ છે તેની નીચે બંધ આપે તો ઘટમાં ૪૩૧૫થી ૪૨૮૫નો ભાવ દાખવે, ઉપરમાં ૪૫૨૭થી ૪૫૭૦ સુધી ધ્યાન બેસે જ્યાં ઉપરથી ૪૬૫૦ના સ્ટોપલોસથી વેચાણમાં રહેવાય.

સોનાની સ્ટ્રેટેજી: આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૫૦૦ ડોલરની નીચે ભાવ સાપ્તાહિક બંધ રહ્યા છે. હવે નીચેમાં ૧૪૭૨નો મહત્ત્વનો સપોર્ટ છે જે તોડે તો એક ઝડપી ઘટાડો જોવા મળે જે નીચેમાં ૧૪૨૩થી ૧૪૦૮ ડોલર સુધીના ભાવ શક્ય છે. ઉપરમાં ૧૫૭૫ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. સોનામાં હવે ૧૫૦૦ ડોલરની ઉપર ક્રોસ કરીને સળંગ ત્રણ દિવસ ઉપરના બંધ આપે અને નીચે ઘટાડો જોવા મળે તો એક મોટા ઘટાડા તરફી રૂખ જોવા મળે, અને આગામી સમયમાં ભાવ ઘટીને ૧૨૮૦ ડોલર સુધી પણ જઈ શકે. એમસીએક્સમાં ૨૧૬૦૦ આસપાસ એક સપોર્ટ છે જે તોડે અને નીચે બંધ આપે તો

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**

**મો. ૯૫૧૦૮૫૦૨૮૮**

૨૧૩૮૫થી ૨૧૨૧૨નો ભાવ આગામી સમયમાં જોવા મળે. ઉપરમાં ૨૨૩૦૦ની પ્રતિકારક સપાટી જણાય. સોનામાં હાલમાં વેચીને વેપાર કરાય.

**ચાંદીની ચાલ:** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ઘટાડામાં હવે નીચેમાં ૩૨ ડોલર પર નજર રખાય જ્યાં સુધી તેની ઉપર છે ત્યાં સુધી એક રેંજમાં જોવા મળે. ઉપરમાં ૩૯.૮૦ ડોલરનું રેસીસ્ટન્સ જણાય. અને ૩૩ ડોલરથી ૩૯ ડોલરમાં ફરે, પણ ૩૨ ડોલરની નીચે જતાં ઘટાડો આગળ વધે અને ભાવ ૨૯.૨૦ ડોલર દર્શાવે તેમજ વધુ ઘટાડો ૨૭.૬૬ ડોલર સુધી પણ જોવા મળી શકે. જ્યાં ભાવ ૨૯ ડોલર આસપાસ સ્થિર થતાં જોવા મળે. હાલના લેવલથી બંને તરફી વધઘટની વેપાર થાય. એમસીએક્સમાં ચાંદીમાં ૪૯૭૦૦ના સપોર્ટ ધ્યાનમાં લેવાય. જ્યાં હાલમાં ૫૧૫૦૦થી ૫૬૫૦૦ની રેંજ છે. નીચેમાં સપોર્ટ તોડે તો ૪૭૮૦૦થી ૪૬૨૦૦ માટે ધ્યાન બેસે, ચાંદીમાં વધઘટ મોટી છે અને બંને તરફથી વધઘટમાં સ્ટોપલોસ ખવાય જાય માટે ઊંચા ભાવથી વેચી અને નીચેમાં લેનાર જ ફાવશે જ્યાં વચ્ચે લેણમાં કે વેચાણમાં બેસવાવાળાને સ્ટોપ લોસ મોટા રાખવા પડે.

# નીફ્ટી ૫૭૮૦થી ૫૮૪૦ની સપાટી દર્શાવશે

મિત્રો ગત સપ્તાહની શરૂઆત વેચવાલી થકી જોવા મળી હતી. જે સપ્તાહના અંતમાં પુરી થતાં તેજી જોવા મળી હતી. આવનાર સપ્તાહ પણ જોખમી બની રહેશે. સ્કીપવાળા બંને તરફી વધ-ઘટ જોવા મળશે. કોમોડીટી માર્કેટમાં પણ જોખમી બનતા તેની અસર ભારતીય માર્કેટમાં પણ જોવા મળશે. ક્રુડમાં ઘટાડો ભારતીય બજારને તેજીની આગ ચાંપશે તેમજ ડોલર સામે રૂપિયો મજબુત બનતા આ ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથના આંકડા સારા આવતા તેજી વધુ મજબુત બનશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આવતા સપ્તાહમાં નીફ્ટી ૫૭૮૦થી ૭૮૨૦ની સપાટી દર્શાવી શકે તેમ છે.

આમ હેવી વેઈટ શેરોમાં પણ આકર્ષક રહેશે. તેમજ સ્મોલ કેપ, મીડ કેપ શેરોમાં પણ તેજીનું આકર્ષણ રહેશે. જેમાં યોગ્ય સ્ટોપલોસ રાખીને જ કામ કરવું અને કંપનીનું બેકગ્રાઉન્ડ જાણવું. પછી જ તેમાં ઈન્વેસ્ટમેન્ટ કરશો. આવનાર તેજીમાં ઘણાં બધા શેરો ૧૦૦થી ૩૦૦૦ સુધીનું વળતર આપવાની સંભાવના છે. પરંતુ જ્યારે મંદી આવશે ત્યારે તેમાં ૫૦૦થી ૮૦૦ સુધીનો ઘટાડો જોવા મળશે. જેથી આવા શેરોથી દૂર રહેવું માત્ર ફંડામેન્ટલ સ્ટ્રોંગ કંપનીમાં જ રોકાણ કરવું.

**(૧) બજાજ ઓટો (૧૩૩૭.૨૫):-** આ સ્ક્રીપમાં નજીકના **૧૩૨૦** અને દૂરના **૧૩૨૨** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૩૪૪** આ ઉપર **૧૩૫૨** આ ઉપર **૧૩૬૪** થી

**બેસ્ટ ટીપ્સ**



**રૂપેશ શાહ**

**મો. ૯૪૨૮૭૩૨૫૭૨**

rup947@yahoo.co.in

**૧૩૭૮** નો ભાવ જોવા મળે.

**(૨) ઓઈલ (૧૩૮૦.૧૫) :-** આ સ્કીપમાં નજીકના **૧૩૮૧** અને દૂરના **૧૩૭૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૩૯૩** આ ઉપર **૧૪૦૧** આ ઉપર **૧૪૧૪** થી **૧૪૨૨** નો ભાવ જોવા મળે.

**(૩) એજ્યુકોમ (૪૪૧.૨૫) :-** આ સ્કીપમાં નજીકના **૪૩૬** અને દૂરના **૪૩૦** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૪૪૮** આ ઉપર **૪૫૬** આ ઉપર **૪૬૩** થી **૪૭૪** નો ભાવ જોવા મળે.

**(૪) રેનબક્ષી (૪૯૧.૮૫) :-** આ સ્કીપમાં નજીકના **૪૮૬** અને દૂરના **૪૮૦** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૪૯૮** આ ઉપર **૫૦૩** આ ઉપર **૫૧૧** થી **૫૧૮** નો ભાવ જોવા મળે.

**(૫) આઈસીઆઈસીઆઈ (૧૦૭૫.૭૦) :-** આ સ્કીપમાં નજીકના **૧૦૬૭** અને દૂરના **૧૦૫૯** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૦૮૪** આ ઉપર **૧૦૯૨** આ ઉપર **૧૧૦૪** થી **૧૧૧૭** નો ભાવ જોવા મળે.

# નબળાઈની ચાલ યથાવત રહેશે: ઉછાળે વેચનાર લાભ લઇ જશે

છેલ્લા ત્રણ સપ્તાહથી ઉપરન મથાળે વેચવાલી આવી રહી છે. ફોરેન સંસ્થા હમણા નેગેટીવ થઇ ગઇ હોવાથી ઉછાળા આવે છે. આ ઉછાળા ટકવા મુશ્કેલભર્યું છે. વર્લ્ડ માર્કેટોમાં સાથે કોમોડીટીઝ માર્કેટોમાં વેચવાલી આવી રહી છે. કોમોડીટીઝના બજારોના ચાર્ટ નબળાઇ બતાવી રહ્ય છે. આ નબળાઇ હજુ પણ યથાવત રહેવાનાં સંકેત બતાવી રહ્યું છે.

**ચાર્ટ અવલોકન :**

**બંધ : ૫૫૭૭**

સાપ્તાહિક ચાર્ટમાં નેગેટીવ ઝોનમાં ચાલી રહ્યો હોવાથી ઉછાળામાં વેચનાર ફાવશે તેવા ચાર્ટના સંકેત બતાવી રહ્યું છે. હમણાં નીચા મથાળે તેજીનો વેપાર કરીને ઝડપથી ઉછાળામાં આપીને વેપાર પૂરો કરીને દૂર રહેવું. નિફ્ટીમાં ૫૬૪૦ મહત્ત્વની નજીકની સપાટી રહેશે. ૫૬૭૦ મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે. નીચામાં ૫૫૪૩ તૂટતા ૫૪૭૫ મહત્ત્વની ટેકી સપાટી ગણવી. આ સપાટી તૂટતા ઝડપથી કરેકશન આગળ વધશે. ટૂંકમાં હમણાં ઉછાળે વેચનાર કમાશે. વેચવાનો માર્ગ અપનાવવો.

**રિલાયન્સ ઇન્ફ્રા.**

**બંધ ભાવ : ૬૦૮**

ત્રણ સપ્તાહથી ડાઉનટ્રેડમાંથી પસાર થઇ રહ્યો છે. ફરીને એકવાર ડાઉનટ્રેડમાંથી પસાર થઇ રહ્યો છે. ઉપરમાં ઉછાળા થકી ૬૨૪ નજીકની સપાટી મહત્ત્વની રહેશે. નીચામાં ૬૦૦ની સપાટી તૂટતા કરેકશનની ચાલ આગળ વધશે. ૬૮૫ તૂટતા ઝડપથી કરેકશન આગળ વધશે.

**સ્ટેટ બેંક**

**બંધ ભાવ : ૨૬૫૮**

સ્ટેટ બેંકમાં બે સપ્તાહથી નબળાઇ બતાવી રહ્યું છે. આ

**ટેકનો વ્યૂ**



**રમેશ વાટલિયા**

**મો. ૯૮૯૮૧૧૫૪૮૮**

www.rameshvatalia.com

નબળાઇની ચાલ આગળ વધવાના સંકેત યથાવત છે. ઉપરનાં મથાળેથી વેચવાલી આવવાની પૂરી શક્યતા રહેલી છે. નજીકમાં ૨૭૦૮ સપાટી રહેશે. દૂરમાં ૨૭૩૦ દૂરની મહત્ત્વની સપાટી રહેશે. નીચામાં ૨૬૦૧ની સપાટી તૂટતા ઝડપથી કરેકશનની ચાલ આગળ વધશે.

**ટાટા સ્ટીલ**

**બંધ ભાવ : ૫૯૪**

આ શેરમાં ૬૪૦નું મથાળુ બનાવીને કરેકશનની ચાલમાં સતત આગળ વધી રહ્યું છે. આ નબળાઇની ચાલ યથાવત રહેશે. ચાર્ટ પરથી બતાવી રહ્યું છે. ઉપરમાં ૬૦૧ની સપાટી ઉપર બંધ આવે પછી જ તેજીનાં સંકેત માનવા. ઉછાળે વેચવાલી આવશે. નીચામાં ૫૮૩ તૂટતા નબળાઇની ચાલ આગળ વધશે.

**ભારતીય ટેલી**

**બંધ ભાવ : ૩૬૮**

આ શેરમાં ગયા સપ્તાહમાં નબળાઇ બતાવી ચૂક્યો છે. હમણા આ શેરથી રોકાણ માટે દૂર રહેવામાં મજા છે. ઉપરમાં ૩૭૫ કુદાવશે તો તેજી કરશે. ત્યાં સુધી ઉછાળે વેચવાલી આવશે.

હમણા રોકાણથી દૂર રહેવું. ઉછાળે વેચવાલી આવવાની શક્યતા ઊભી જ છે. હમણા ઉપરના મથાળેથી જેઓને ટ્રેડીંગ આવડે છે તેઓ વેચવાનો વ્યૂહ અપનાવવો.

# કોમોડીટીઝ માર્કેટોમાં કરેકશનની ચાલ યથાવત રહેશે

**સોનાની ચમક**

**જીજ્ઞેશ**

**૯૭૨૪૫૨૮૮૯૮**

કોમોડીટીઝ માર્કેટોમાં છેલ્લા બે સપ્તાહથી નબળાઇ બતાવી રહ્યું છે. વર્લ્ડ માર્કેટોમાં ખરાબી બતાવી રહ્યું છે. અગાઉમાં આ લેખકે બતાવી દીધું હતું કે મંદી આવી રહી હોવાથી હમણા રોકાણથી દૂર રહેવું જોઇએ. ભાવોમાં એટલા બધા વધી ગયા છે કે લોકોની ખરીદ શક્તિ ઘટી જાય છે. બધા જ કોમોડીટીઝના ભાવ આસમાને પહોંચી ગયા હોવાથી જે વ્યક્તિઓએ નીચા મથાળે ખરીદી હતી તેઓ નફો કરીને દૂર રહેવામાં વિચારી રહેલ છે.

કોમોડીટીઝ માર્કેટોમાં સોનું-ચાંદી, કોપર, ઝીંક, બીડ આ બધા જ સેક્ટરોમાં ચાર્ટમાં નબળાઇ બતાવી રહ્યું હોવાથી ઉછાળે વેચવાલી આવવાની ગણતરી બતાવી રહ્યું છે. હમણા રોકાણથી દૂર રહેવું.

**ગોલ્ડ (૧૪૯૪) :** ગોલ્ડમાં ૧૩ સપ્તાહથી તેજીની ચાલ ગયા સપ્તાહમાં ઉપરમાં ૧૫૭૫નું મથાળુ બનાવીને તેજીની ચાલ પૂરી કરીને બે સપ્તાહથી નબળાઇની ચાલમાં આગળ વધી રહ્યું છે. ઉપરમાં ૧૫૫૫ મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે. નીચામાં ૧૪૮૪ મહત્ત્વની સપાટી રહેશે. આ સપાટી તૂટતા ૧૪૦૫ મહત્ત્વની સપાટી આવે છે.

**કોપર (૪૦૦) :** કોપરનો મૂળ ચાર્ટ નબળાઇ બતાવી રહ્યો છે. સાપ્તાહિક ચાર્ટમાં નબળાઇ હોવાથી દરેક ઉછાળે વેચવાલી આવવાની પૂરી શક્યતા રહેલી છે. નજીકમાં ૪૦૯ મહત્ત્વની સપાટી વટાવતા ૪૧૩ સ્ટ્રોંગ પ્રતિકારક સપાટી રહેશે. ૪૯૬ તૂટતા ઝડપથી કરેકશનની ચાલ આગળ વધશે.

**સીલ્વર (૩૫ ડોલર) :** સીલ્વર મૂળ ચાર્ટ મંદી તરફી થઇ ગયો છે. ઉપરમાં ૩૮ ડોલર સુધી ઉછાળો આવી શકે છે. નીચામાં ૩૪ ડોલર તૂટતા ઝડપથી કરેકશનની ચાલ આગળ વધશે. હમણા ઉપરનાં મથાળે વેચનાર કમાશે.

**ક્રુડ (૯૮) :** ક્રુડમાં બે સપ્તાહથી નબળાઇની ચાલ બતાવી રહ્યો છે. ઉપરના મથાળે વેચવાલી આવવાની જગ્યા પૂરેપૂરી છે. ઉપરમાં ૧૦૨ ડોલર નજીકની સપાટી રહેશે. ૧૦૫ આસપાસ મહત્ત્વનું રેઝિસ્ટન્સ લેવલ રહેશે. નીચામાં ૯૨ ડોલરની સપાટી ખૂબ જ મહત્ત્વની રહેશે.

# માર્કેટ રિપોર્ટ

આજના અંકમાં લખી રહ્યો છું તેના એક દિવસ અગાઉ એટલે કે શુક્રવારે સેન્સેક્ષ ૧૯૫ પોઈન્ટના ઉછાળા સાથે ૧૮૫૩૧ ઉપર બંધ આવ્યો અને કાલનો નીચો અંક ૧૮૨૮૦ એટલે કે જયાં સુધી સેન્સેકસ ૧૮૦૦૦ થી નીચે ના આવે ત્યાં સુધી આપણે મંદીના આગળના તબક્કામાં નહીં પ્રવેશીએ. અત્યારે મંદી છે પણ તેમાં ધીમે ધીમે રિવર્સલ થઈ રહેલ હોય એવું લાગે છે. જો આજનો એટલે કે શુક્રવારનો હાઈ તુટે તો રિવર્સલ થઈને પાછું હાઈ ટેસ્ટ કરવા માર્કેટ ઉપડે અને અત્યારે કદાચ થ્રી રીવર બોટમ, આ એક જાપાનીજ રિવર્સલ પેટર્ન છે, તે બનાવી રહેલ છે. માર્કેટ પ્રોફાઈલની દ્રષ્ટિએ પણ બુધવાર અને ગુરૂવારનો ઘટાડો વેલ્યુ રિજેકશનથી નહીં, પણ સેન્ટીમેન્ટના ભારથી નીચે ગયું છે. આવા કેસમાં રિવર્સલ ઝડપી થઈ શકે છે. બીજું મંદીના આ વેવને ૧૮ દિવસ પુરા થાય છે અને તે પણ એક ટાઈમીંગ સિગ્નલ છે. આ બધાનો અર્થ એ થાય છે કે શોર્ટ કવર કરવા અને લેણની તક મળે તો ઝડપી લેવા આવા રિવર્સલના સમયે સ્ટોકની ચાલ જોતાં કયા સ્ટોક મજબૂત રહેશે તેની પણ માહિતી મળી શકે છે. આવનાર વેવમાં જો તેજી દેખાય તો, વિપ્રો, ફાર્મા શેર, ઝી ટેલી, મોઝરબેર, અશોક લેલેન્ડ, સુઝલોન વગેરે સ્ટોક મજબૂત રહેશે. મજબૂત સ્ટોક બજારને આઉટ પર્ફોર્મ કરે છે. હું જયારે ભલામણ કરૂં ત્યારે માર્કેટના સેન્ટીમેન્ટ મુજબ કેટલા શેરો લેવા તે જોવાનું હોય છે. હું પોતે તો મોટે ભાગે સ્કેલીંગ

**ટેકનીકલ એનાલીસીસ ફોર ફ્યુચર ટ્રેન્ડ**



**ડો. ચંદ્ર વનવારી**

**મો. ૯૮૨૫૯૦૦૮૪૯**

www.vccfuturetrading.com

અપ અને સ્કેલીંગ ડાઉનથી એન્ટ્રી લઉં છું.જેમ કે અશોક લેલેન્ડ ૫૦ ઉપર, ૫૫ ઉપર અને ૬૫ ઉપર થોડા થોડા લેણ કરી સટોપલોસ બ્રેક ઈવન પોઈન્ટ ઉપર મુકી એક જ રિસ્કથી ત્રણ ગણા શેરો જમા થાય છે. જયારે માર્કેટ તેજી કે મંદીમાં હોય ત્યારે જો તમારી પાસે બહુ એન્ટ્રી ના હોય તો નફો પણ થોડો થાય. ડે ટ્રેડીંગ જે કરતુંહોય તેની મેન્ટાલીટી અલગ હોય, તેના વિષે ફરી કયારેક લખીશ. વધુ આવતા અંકે

હેપ્પી ટ્રેડીંગ

શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો

# સેન્સેક્ષમાં કબૂતરો પાછાં માળા તરફ

## જો સેન્સેક્ષમાં ૧૮૧૬૦ અને નિફ્ટીમાં ૫૪૪૩ની નીચી સપાટી જળવાઈ રહે તો કેન્ડલ સ્ટીકની પેટર્ન થોડી રિકવરી તરફ અંગુલી નિર્દેશ કરે

**તા.૧૪/૦૫/૨૦૧૧**

બજાર ગત સપ્તાહે જે સપાટીએ હતું, તે જ સપાટીએ જ લગભગ બંધ આવ્યું તે પહેલાં બજારમાં ખૂબ જ ચંચળતા જોવા મળી. આમ છતાં સાપ્તાહિક વૃધ્ધી અથવા તો ઘટાડો સંપન્ન થયો નથી. જે વધુ મહત્વપૂર્ણ છે તે છે આ સપ્તાહની નાની બોડીની કેન્ડલ, અને તે પણ છેલ્લા બે સપ્તાહમાં બે મોટી બોડીની કાળી કેન્ડલની રચના પછી સાપ્તાહિક રચના બ્લેક બોડી સ્પીનીંગ ટોપ ફોર્મેશન એક તટસ્થ રચના છે. એ કેવળ ભાવોની મજબૂત નિમ્નગતિને રોકવામાં સફળ નથી થઈ પરંતુ નિમ્ન ગતિ માટે એક શંકા પણ




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

આઉટસાઈડ ડે બનાવેલ છે અને ઘણી વખત તે સામાન્ય રીતે આવનાર દિવસોમાં તે ચંચળતામાં વૃધ્ધિની શકયતા દર્શાવે છે. દૈનિક ચાર્ટ પર સેન્સેક્ષે બુલીશ હરામી પેટર્નની રચના કરેલ છે જે એક બુલીશ રિવર્સલ પેટર્ન છે. બીજી બાજુ નિફ્ટીના બંધ સમયે પણ બુલીશ હરામી લાઈન જેવી જણાય છે. સાપ્તાહિક ચાર્ટ પર બંને ઈન્ડેક્ષોએ બ્લેક બોડી સ્પીનીંગ ટોપની રચના કરેલ છે જે એક તટસ્થ રચના છે. આ રચના, ઈન્ડેક્ષોની બે મોટા કદની બ્લેક કેન્ડલની રચનાના રૂપમાં, બે સપ્તાહની મજબૂત નિમ્ન ગતિ પછી ઈન્ડેક્ષોને કંઈક રાહતનો દમ પુરો પાડે છે. જો આપણે છેલ્લા બે સપ્તાહની આ રચનાનો વિચાર કરીએ તો, સેન્સેક્ષે હોમીંગ પીજીઅન ફોર્મેશનની રચના કરેલ છે, જે એક બુલીશ રિવર્સલ પેટર્ન છે. જો કે આ બુલીશ રિવર્સલ પેટર્ન હોવા છતાં તેને પુષ્ટી મેળવવા માટે આવનાર સપ્તાહે બે સફેદ બોડીની કેન્ડલની રચનાની જરૂર છે. નિફ્ટીની છેલ્લા બે સપ્તાહની સાપ્તાહિક રચના લગભગ હોમીંગ પીજીઅન જેવી જ છે પરંતુ તે હોમીંગ પીજીયન નથી.

જો સેન્સેક્ષમાં ૧૮૧૬૦અને નિફ્ટીમાં ૫૪૪૩ની નીચી સપાટી જળવાઈ રહે તો કેન્ડલ સ્ટીકની પેટર્ન થોડી રિકવરી તરફ અંગુલી નિદેશ કરે.

આપણે સેન્સેક્ષમાં ૧૯૮૧૧-૧૮૧૬૦ સુધીના ના ઘટાડાના અને નિફ્ટીમાં ૫૯૪૪-૫૪૪૩ સુધીના ઘટાડાથી પુલબેકની વિચારણા કરવી જોઈએ. તો પુલબેક સપાટીએ સેન્સેક્ષમાં ૧૮૭૯૦-૧૮૯૮૫-૧૯૧૮૦ અને નિફ્ટીમાં ૫૬૩૪-૫૬૯૩-૫૭૫૨ છે. કોઈ પણ ગતિ કે જે ૬૧ ટકા રિટ્રેસમેન્ટ સપાટી કે જે સેન્સેક્ષમાં ૧૯૧૮૦ અને નિફ્ટીમાં ૫૭૫૨ છે તેને પસાર કરે તો તે ઉર્ધ્વગતિ ધારણ કરશે.

ઉપર તે પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરશે.

હાલની નીચી સપાટીજો તૂટશે તો બજાર બે સપ્તાહ પાછું હટશે એટલે કે સેન્સેક્ષ ૧૮૧૬૦ અને નિફ્ટી ૫૪૪૩ બજારને નીચે મજબૂત ટેકાની લાઈન સેન્સેક્ષમાં ૧૭૭૪૫ અને નિફ્ટીમાં ૫૩૧૦ તરફ લઈ જશે. આ ખૂબ જ મહત્વની ટેકાની સપાટી છે અને જો તે તૂટે તો તે બેરીશ હેડ અને શોલ્ડર રિવર્સલ પેટર્નને પુષ્ટી આપે, અને તે મજબૂત મંદીમયતાના આક્રમણની ઘોષણા કરે.

ઉપરની સપાટીએ ૫૦ ટકા પુલબેક સપાટી છે એટલે કે સેન્સેક્ષમાં ૧૮૯૮૫ અને નિફ્ટીમાં ૫૬૯૩, જે તળિયાની સપાટીએ બનેલ પ્રતીકારક સપાટીની (સેન્સેક્ષમાં ૧૮૯૫૪ અને નિફ્ટીમાં ૫૬૯૦) ની નજીક છે. આ ઉપર ૬૧ ટકા રિટ્રેસમેન્ટ સપાટી એટલે કે સેન્સેક્ષમાં ૧૯૧૮૦ અને નિફ્ટીમાં ૫૭૫૨ પણ ૨૦૦ ડી એમ એ ની નજીક છે. તેથી હવે મજબૂત પ્રતિકારક સપાટીનો ગાળો સેન્સેક્ષમાં ૧૮૯૫૪-૧૯૧૮૦ અને નિફ્ટીમાં ૫૬૯૦-૫૭૫૨ છે.

મોટા ભાગના બધા જ સંકેતકો 'સેલ' મોડમાં છે. એમ એ સી ડી અને આર ઓ સી બંને નકારાત્મક ટેરીટરીમાં છે અને તેમના 'વેચાણના સંકેત' ચાલુ રાખેલ છે. આર એસ આઈ ૪૩ પર છે, તે પણ 'સેલ મોડ'માં ચાલુ રહેલ છે. બોલીંગર બેન્ડ કે જેણે ગત સપ્તાહે વેચાણના સંકેત આપેલ હતા તે પણ વેચાણના સંકેત સાથે ચાલુ જ છે. મની ફ્લો (૪૧) ઓવરસોલ્ડ ટેરીટરીમાં રહ્યા પછી ઉપર તરફ ગતિ કરી ગયેલ છે. પરંતુ હજુ તે 'સેલ' મોડમાં જ છે. ઓબીવી પણ તેના વેચાણના સંકેત સાથે ચાલુ જ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટર પણ વેચાણનાસંકેત આપી રહેલ છે અને % કે દ્વારા % ડીને ઉપર તરફથી કાપવામાં આવેલ છે. દીશાસૂચક સૂચકાંકોએ પણ તેમના વેચવાલીના સંકતે આપવાનું ચાલુ જ રાખેલ છે અને +ડીઆઈ - ડી આઈની નીચે જ રહેલ છે, પરંતુ તે બદલાઈને સૂચવી રહેલ છે કે નિમ્ન ગતિ હવે તેની કેટલીક મજબૂતાઈ ગુમાવી રહેલ છે.

નિફ્ટી ઓ આઈ પી સી આર ગત સપ્તાહ કરતાં કંઈક સુધરેલ છે પરંતુ તે હજુ પણ ૦.૮૬ની સપાટી સુધી નીચે છે. ઉચ્ચતમ કોલ રાઈટીંગ ૫૮૦૦ના ભાવે જોવા મળેલ છે, જે સૂચવે છે કે હાલની મજબૂત પ્રતિકારક સપાટીએ ૫૮૦૦ ની આસપાસ છે. આ જ સાથે, ૫૪૦૦ના સ્ટ્રાઈકભાવે ઉચ્ચતમ પુટરાઈટીંગ જોવા મળેલ છે. જે દર્શાવે છે કે ૫૪૦૦ ની સપાટી નિફ્ટીને મજબૂત ટેકો પુરો પાડે છે.

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5329 | 5402 | 5472 | 5544 | 5634 | 5721 | 5801 |
| Sensex | 17735 | 17982 | 18269 | 18531 | 18779 | 19003 | 19274 |

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

| STOCK | Reco. Price | Tgt | Reached |
|---|---|---|---|
| Buy ABB | 891 | 917 | 913 |
| Buy BPCL | 666 | 678 | 670 |
| Buy Orchid | 309 | 316 | 318 |
| Buy JainIrrig | 185 | 191 | 189 |
| Buy VGuard | 192 | 201 | 196 |

**સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૯૭૯ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૮૨૫૦ છે**

### આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|
| BUY OFSS | 2189 | 2161 | 2232 | 2279 |
| BUY MCDOWELL | 1064 | 1050 | 1089 | 1118 |
| BUY HEROHONDA | 1798 | 1777 | 1829 | 1863 |
| BUY GSPL | 104 | 102 | 108 | 112 |
| BUY PATELENGG | 152 | 149 | 158 | 165 |

ઉભી કરેલ છે. જયાં સુધી સેન્સેક્ષ ૧૮૧૬૦અને નિફ્ટી ૫૪૪૩ની સપાટી ટકાવી રાખશે ત્યાં સુધી ટૂંકા ગાળાની સમય







મર્યાદામાં બજાર તેની ઉપર તરફની સુધારા તરફી ગતિ ચાલુ જ રાખશે. નિફ્ટી માટે ૫૭૦૦-૫૭૫૦ની મજબૂત પ્રતિકારક સપાટીની અપેક્ષા રાખી શકાય.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૮૬૨૮ પોઈન્ટથી થઈ, ૧૮૭૨૪ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૮૨૮૦ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૮૫૩૧ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે માત્ર ૧૩ પોઈન્ટની સામાન્ય વૃધ્ધિ દર્શાવી.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૫૫૭૫ પોઈન્ટથી કરી, ૫૬૦૫ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૪૭૨ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૫૪૪ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે માત્ર ૭ પોઈન્ટના ઘટાડા સાથે બંધ આપ્યો.

દૈનિક ચાર્ટ પર બંને ઈન્ડેક્ષોએ

બજાર લાંબા ગાળાની સરાસરી ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૯૧૭૧ અને નિફ્ટી ૫૭૫૪) અને મધ્યમક ગાળાની સરાસરી ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૮૨૭ અને નિફ્ટી ૫૬૪૯) અને ટૂંકા ગાળાની સરાસરી ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૯૪૫ અને નિફ્ટી ૫૬૮૨)થી સારું એવું નીચે છે. પરિણામે ત્રણે રુખ એટલે કે ટૂંકા ગાળાની રૂખ, મધ્યમ ગાળાની રુખ અને લાંબા ગાળાની રૂખ નિમ્નમૂખિ બનેલ છે. ખરેખર તો ટૂંકા ગાળાની, મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની સરાસરી વર્તમાન બજાર ભાવ કરતાં ઉપર છે અને પરિણામે આગળ

સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી **૧૮૯૭૯** છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી **૧૮૨૫૦** છે.

નિફ્ટી માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૬૫૬ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૫૪૬૮ છે.

આગમી સપ્તાહે, સેન્સેક્ષનો ટેકો ૧૮૨૬૯-૧૭૯૮૨-૧૭૭૩૫ અને પ્રતિકારક સપાટી ૧૮૭૭૯-૧૯૦૦૩-૧૯૨૭૪ રહેશે.

આગમી સપ્તાહે નિફ્ટીનો ટેકો ૫૪૭૨-૫૪૦૨-૫૩૨૯ અને પ્રતિકારક સપાટી ૫૬૩૪-૫૭૨૧-૫૮૦૧ રહેશે.

# આઈ આઈ પી ડેટા ધાર્યા કરતાં સારા આવતાં તેમ જ પાંચ રાજયોની ચૂંટણીઓમાં યુપીએનો ભવ્ય વિજય થતાં શેરબજારમાં ૨૦૦૯ ના મે જેવી તેજી

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**વિકાસ ગ્લોબલવન લી.**
**બીએસઈ કોડ ૫૩૦૯૬૧**
**<u>હાલનો ભાવ રૂ.૮૩</u>**

ઉપર જણાવ્યા મુજબગત સપ્તાહમાં ગુરુવારના રોજ આવેલ ગત માસ ફેબ્રુઆરીના આઈ આઈ પી ડેટા ૩.૭ની સામે માર્ચ માસના ૭.૩ આવેલ, તે ધાર્યા કરતાં ખૂબ જ સારા આવ્યા, પરંતુ ગુરુવારના રોજ બજાર સારા આઈ આઈ પી ડેટાની અવગણના કરી ૩૦૦ પોઈન્ટ નીચે બંધ આવ્યું, પરંતુ તા. ૧૩ મે શુક્રવારના રોજ છેલ્લા ૨ માસમાં પાંચ રાજયોમાં એટલે કે કેરાલા, તામીલનાડુ, પાંડીચેરી, આસામ અને વેસ્ટ બેંગાલમાં યોજાએલ ચૂંટણીઓનાં પરિણામો જાહેર થયાં જેમાં માત્ર તમીલનાડુને બાદ કરતાં બાકીના ચારે રાજયમાં યુપીએ ની ભવ્ય જીત થઈ, તેના પગલે ફરીથી એક વાર ઉમેદવાર છે, તદ્ઉપરાંત આ કંપનીએ તાજેતરમાંજ પેટ્રો ઉત્પાદનોમાં ઝંપલાવેલ છે. અને આવનાર દિવસોમાં આ કંપની હજુ પણ બે થી ત્રણ સાહસો ચાલુ કરે તેવું માહેતગાર વતૃળોમાંથી જાણવા મળેલ છે તેથી આ કંપનીમાં લાંબા ગાળા માટે કરેલ રોકાણ લાભદાયી નિવડે.

**રાજુ એન્જીનીયરીંગ લી.**
**બીએસઈ કોડ ૫૨૨૨૫૭**
**<u>હાલનો ભાવ રૂ.૧૬</u>**

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

સપાટીની આસપાસ ફરી રહેલ છે. કંપની પાસે કરોડો રૂપિયાના ઓર્ડર છે. કંપનીની કામગીરી જોતાં તે મીની એલ એન ટી જેવું વર્ચસ્વ ધરાવે છે, તો સારા રોકાણકાર માટે આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

**એપ્ટેક**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**<u>હાલનો ભાવ રૂ.૧૦૧</u>**

જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝુનઝુનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આઈ ટી એજયુકેશનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર ખૂબ જ સારા ફન્ડામેન્ટલ ધરાવતો હોવા ઉપરાંત છેલ્લા એક સપ્તાહથી આ શેરમાં વોલ્યુમ સાથે ટ્રેડ થઈ રહેલ છે. આવનાર દિવસોમાં ખૂબ જ સારી તેજી થાય તેવા સંજોગો જણાય છે. તો હાલના ભાવે આ કંપનીમાં લાંબા ગાળાના રોકાણકાર માટે રોકાણની ઉત્તમ તક છે.

## આવતા સપ્તાહમાં રોકડાના શેરોમાં આગ ભભૂક્તી તેજી

શેર બજારમાં ભારતીય તેમ જ વિદેશી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો અને શુક્રવારના રોજ દિવસના અંતે બજાર લગભગ ૨૦૦ પોઈન્ટ વધી ૧૮૫૩૮ પોઈન્ટે બંધ આવ્યું.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**વિકાસ ગ્લોબલવન લી.**
**બીએસઈ કોડ ૫૩૦૯૬૧**
**<u>હાલનો ભાવ રૂ.૮૩</u>**

નોન બેંકીંગ ફાઈનાન્સના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની ટૂંક સમયમાં જાહેર થનાર આર બી આઈ ની પ્રાઈવેટ લાઈસન્સની પોલીસીનો મજબૂત

પ્લાસ્ટીક મોલ્ડીંગ મશીનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની પાસે અદ્યતન ટેકનોલોજી છે. કંપની પાસે હાલમાં જંગી પ્રમાણમાં ઓર્ડર છે. તે પોતાના વ્યવસાયમાં મોનોપોલી ધરાવે છે. આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવાના રૂ. ૨૦ છે તો હાલના ભાવે લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.

**પુંજ લોઈડ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**
**<u>હાલનો ભાવ રૂ.૬૩</u>**

ઈપીસી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર લગભગ તેની પર સપ્તાહની નીચી

**ઓર્બીટ કોર્પોરેશન લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૩૭**
**<u>હાલનો ભાવ રૂ.૫૦</u>**

રિઅલ એસ્ટેટ તેમ જ બાંધકામના વ્યવસાય સસાથે સંકળાયેલ મુંબઈ સ્થિત આવેલ આ કંપનીએ તાજેતરમાં જ ૧:૧ના પ્રમાણમાં બોનસ આપેલ છે. રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતો આ કંપનીનો શેર હાલના ભાવે ખૂબ જ નીચા પીઈ રેશીયોથી ઉપલબ્ધ છે. કંપનીનું ફન્ડામેન્ટલ જોતાં કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ એક થી બે વર્ષમાં જંગી વળતર આપી શકે તેમ છે. આ શેરમાં ડીલીવરીબેઈઝ રોકાણ કરવું ઉત્તમ રહેશે.

**વિકાસ ગ્લોબલવનના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને ઉંચી ઉડાન ભરાવો**

# આવનાર દિવસોમાં બજારમાં ચંચળતા અને ભ્રામકતા ચાલુ રહેશે તેથી સાવચેતી રાખો

**તા. ૧૬ મે થી ૨૦ મે, ૨૦૧૧**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા તુલા, વૃશ્ચિક અને ધન રાશીમાં ભ્રમણ કરશે, સૂર્ય વૃષભમાં, મંગળ, શુક્ર, બુધ અને ગુરુ મેષ રાશીમાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, કેતુ મિથુનમાં, શનિ કન્યામાં, અને નેપ્ચ્યુન કુંભ રાશીમાં ભ્રમણ કરશે.

**સાવચેતી રાખો**

ગુરુનો ગ્રહ તા. ૮મી મે ૨૦૧૧ ની ગૃહ બદલીને મીનમાંથી મેષમાં જઈ રહેલ છે. તે આ ઘરમાં (આશરે) ૧૨ માસ માટે રહેશે. ગુરુ એ ડહાપણનો ગ્રહ છે. તે શેરબજારમાં વ્યાપાર અને રોકાણ સાથે સીધો સંબંધ ધરાવે છે. એવું શકય બને કે ગુરુના આ સ્થાનાંતર પછી કે જે સેકટર વ્યક્તિગત રીતે અત્યાર સુધી નફાકારક રહેલ તે આ ફેરફાર પછી વ્યાપાર કે રોકાણ માટે સાનુકૂળ ન પણ રહે. એવું શકય પણ બને કે આ ફેરફાર પછી શેરબજારમાં વ્યાપાર સાનુકૂળ અથવા તો નફાકારક ન પણ રહે. જો કે આ વ્યક્તિગત જન્મ કુંડળીઓમાં બિરાજમાન ગ્રહોની સ્થિતિ પર આધારિત છે. તે ટ્રેડીંગની રીત અને પધ્ધતિમાં બદલાવ લાવી શકે. આવી પરિસ્થિતિમાં તમારા ફાઈનાન્સીઅલ એસ્ટ્રોલોજરનો કન્સલ્ટ કરવો હિતાવહ રહેશે.

અમોએ આગાહી કર્યા મુજબ ગત સપ્તાહે પણ બજારમાં ભ્રામક અસ્થિરતા ચાલુ જ રહી. એક પણ ટ્રેડીંગ સેશન એવું ન હતું કે જેમાં બજારે ૫૦-૧૦૦ પોઈન્ટની વધઘટ દર્શાવી ન હોય. ભ્રામકતા ભરી વર્તણૂકને કારણે બજારે અપેક્ષાથી ઉલટી ચાલ દર્શાવી. ગુરુવાર આશ્ચયજનક રીતે તા. ૧૨.૫.૨૦૧૧ ના રોજ, માર્ચ માસના સારા ટ્રેડ આવ્યા જે ૩.૬ ટકા સામે ૭.૩ ટકા હતા. આ સમાચાર પછી બજારે નીચે આવવાની શરૂઆત કરી અને નિફ્ટીએ ૭૮ પોઈન્ટ નીચે નકારાત્મક બંધ આપ્યો. ફરી શુક્રવારે એટલે કે તા. ૧૩.૫.૨૦૧૧ ના રોજ ચૂંટણીનાં પરિણામોની જાહેરાત બાદ, જયારે ડી એમ કે - યુ પીએ એલાયન્સે તમિલનાડુમાં સીટો ગુમાવી, બજારે આનંદ મનાવ્યો અને નિફ્ટી ૧૧૦ પોઈન્ટ ઉપર ગયો અને આખરે ૫૮ પોઈન્ટ ઉપર હકારાત્મક બંધ આપ્યો. સાવચેતી રાખો, આગામી સમયમાં પણ આવી ભ્રામક વર્તણૂક ચાલુ રહેનાર છે.

આવી પરિસ્થિતિમાં, કોઈએ પણ એવા સેકટરના શેરમાં ટ્રેડ કરવો જોઈએ

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

કે જે સતત / નિયમિત રીતે ખૂબ મજબૂત જયોતિષીય સહયોગ મેળવતા હોય. દા. ત. ઓઈલ અને ગેસ સેકટરના શેર જેવા કે બી પી સી એલ, એચ પી સી એલ અને આઈ ઓ સી (જેની અમોએ ગત સપ્તાહે આગાહી કરેલ હતી)એ દરેક ટ્રેડીંગ સેશન દરમ્યાન સારો એવો દેખાવ કરેલ હતો.

**ફાર્મા સેકટર** સારો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. દેવીસ લેબ, સન સફાર્મા, ઓરબીંદો, સિપલા, ઓર્ચિડ અને લ્યુપીન વગેરે ઘટાડે ખરીદો.

**ચર્મ સેકટર** બાટા, રીલેક્ષો, ફુ બોસ વગેરે પણ સારો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.

**ઓઈલ અને ગેસ સેકટર મજબૂત જયોતિષિય સહયોગ મેળવવાનું ચાલુ જ રાખશે.**

**ઘડિયાળનું ક્ષેત્ર પણ ખૂબ મજબૂત જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. દરેક ઘટાડે ટાઈટન ખરીદો.**

આવા ચંચળતાભર્યા બજારમાં, ઘટાડાના દિવસે જ ખરીદી કરવી.

ભારતની કુંડળીમાં રાહુના ગ્રહના પ્રતિકૂળ સ્થાનને કારણે ખલેલજનક સમાચારોનો પ્રવાહ ચાલુ જ રહે.

નવી સંવત ૨૦૬૮ (હિન્દુ નવું વર્ષ) ૪ એપ્રિલ, ૨૦૧૧ થી શરુ થશે, જયારે પણ નવી સંવત ચાલુ થાય છે, ગ્રહોકીય સ્થાન, જોડાણ અને દ્રષ્ટિને કારણે કેટલાંક નવાં સેકટર સારો દેખાવ કરવા લાગે છે અને ઘણાં સેકટર કે જે ગત સંવતમાં ગતિ દર્શાવતાં હતાં તેઓ ખરાબ દેખાવ કરવાનો ચાલુ રાખે છે.

ઘણી વખત એવું જોવા મળેલ છે કે રોકાણકાર / ટ્રેડર્સ (આ બાબત જાણતા નથી) આવા સેકટરોમાં રોકાણ કરે છે.(કે જેનો જોતિષિય સહયોગ પૂર્ણ થઈ ગયેલ છે.) પરિણામે નુકશાન કરી બેસે છે. અમારી એવી સલાહ છે કે તમારા જયતિષિયો નાણાંકીય સલાહકારનો સંપર્ક કરો અને આવાં સેકટર વિષેની જાણકારી મેળવો.

જે શેર મજબૂત એસ્ટ્રોલોજીકલ સપોર્ટ મેળવતા તેમ જ દરેકે ટ્રેડ કરવું જોઈએ. જે કારણે આવા શેરોમાં નુકશાનનો ભય ખૂબ જ ઓછો રહે.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

**ATTENTION**

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra Joshi, Editor,
The Economic Revolution.

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

## તંત્રીની કલમે....

# ૩૪ વર્ષ જુની ડાબેરીઓની સત્તા પણ ઉખડી ગઈ !! પરિવર્તન સંસારનો નિયમ છે !!!

**મિત્રો,**

શુક્રવારે પાંચ રાજયોની ચુટણીઓનાં પરિણામો જાહેર થયાં, આ ચૂટણીઓના પરિણામો પર સૌની નજર હતી, આ ચૂંટણીઓથી ફરી એક વાત જાહેર થઈ ગઈ છે કે પરિવર્તન સંસારનો નિયમ છે તેમ જ જયારે તક મળે છે ત્યારે પ્રજા પરિવર્તનનો ઝંડો ફરકાવવાનું ચૂકતી નથી. મતદારોએ પાંચમાંથી ચાર રાજયોમાં તો સત્તાપરિવર્તનનો જે જનાદેશ આપેલ છે તે જોતાં ત્યાં પરિવર્તનનો વંટોળ સર્જેલ છે. નેનો પ્રોજેકટ માટે ખૂબ જ ગવાયેલ મમતા બેનરજીએ બંગાળમાં ૩૪ વર્ષ જુના ડાબેરીઓના લાલ વાવટાને ઉખાડીને ફંકી દીધો, જો કે વિશ્વસ્થળે ડાબેરીઓના વિચારને ફેંકી જ દેવામાં આવેલ છે અને તે હવે બહુમૂલ્ય ધરાવતો નથી. ડાબેરીઓએ આટલો સમય મસલ્સ પાવરના જોરે અને લાલુ- મુલાયમ જેવા નેતાઓએ સમર્થન આપી પોતાનો સ્વાર્થ સાધેલ છે. આમ છતાં ઘણા લાંબા સમય પછી ત્યાં સત્તા પરિવર્તન થયુ. ડાબેરીઓની સંકુચિત વિચારસરણીનો અંત આવેલ છે અને અત્યારસુધી પછાત રહેલ આ રાજયના વિકાસ સમાટેનો માર્ગ મમતાજીના આવવાથી ખુલ્લો થયેલ છે. મોડે મોડે પણ ત્યાં પરિવર્તન આવેલ છે જ.

જો કે એક વાત સ્વીકારવી જોઈએ કે મમતા બેનરજી બંગાળનાં પ્રથમ મહિલા મુખ્યપ્રધાન તરીકે શપથ લેશે તે પછી તેમની પણ કસોટી શરુ થનાર છે. મમતા બેનરજીએ છેલ્લા ૩૫ વર્ષથી બંગાળમાં સમાપ્ત થયેલ લોકશાહીની પુનઃ સ્થાપના કરવી પડશે, લોકતંત્રના મુલ્યોને પુનઃસ્થાપિત કરી મજબૂત કરવાં પડશે, પ્રજાભિમૂખ અભિગમ અપનાવીને પ્રજાએ મૂકેલા આ વિશ્વાસને જીવંત રાખવા માટે કૂનેહપૂર્વક કસોટી પાર પાડવા કાર્યાન્વિત થવું પડશે. શ્રી મોદીની માફક વિકાસની ભાષામાં વાત કરવી પડશે. પરિવર્તન દાખવવું પડશે. એક રાજકારણી માટે આ એક કપરી કસોટી છે પરંતુ અપેક્ષા છે કે મમતાજી આ કસોટીમાંથી પાર ઊતરશે.

તમિળનાડુમાં પણ આ વખતની ચૂંટણીઓમાં ભ્રષ્ટાચારમાં અટવાયેલા ડી એમ કે નું ધોવાણ થયું. ત્યાં ટુ જી સ્પેક્ટ્રમમાં જેમનું નામ એ રાજા સાથે જોડાયેલ હતું તે કરૂણાનિધીનાં સુપડાં સાફ થઈ ગયા અને જયલલિતાના વડપણ હેઠળ અન્નાડીએમકેને સ્પષ્ટ બહુમતી મળી. જો કે આ પરિણામ કોંગ્રેસને આંચકો આપે તેવાં રહેલ છે. અસિમિત ભ્રષ્ટાચારના પરિણામનો એક રાજકીય નમૂનો અહીં જોવા મળેલ છે અને રાજાની ધરપકડને કારણે કરૂણાનીધીના પક્ષને મોટો ફટકો પડયો છે. આમ છતાં આસામમાં બે તૃતિયાંશ બહુમતી મેળવી કોંગ્રેસે ફરી એક વાર એટલે કે ત્રીજીવાર સત્તા સાંપડી છે.

જો કે એક વાત બની છે. ભારતીય જનતા પાર્ટીઓએ આ રાજયોની ચૂંટણીઓમાં તેમના દીગ્ગજોને ઉતારેલ હતા આમ છતાં તેમને ખાસ કોઈ સફળતા મળી નથી. જો કે અગાઉ પણ આ પક્ષ ત્યાં ખાસ બેઠકો ધરાવતો ન હતો તેથી તેને ખાસ કોઈ ફેર પડેલ નથી, આમ છતાં તેઓએ ત્યાં વિજય મેળવવો હોય તો માત્ર વાતોથી કામ નહીં ચાલે, વ્યૂહરચના બદલી પ્રજામાં પોતાના માટે એક હકારાત્મક અભિગમ ઉભો કરવો પડશે. પ્રજાના હમદર્દ તરીકેની છાપ ઉભી કરવી પડશે. પોતાને કંઈક પ્લસ સાબિત કરવા પડશે, તો ભવિષ્યની ચૂંટણીઓમાં તેમના અસ્તિત્વની સારી એવી નોંધ પ્રજાદ્વારા લેવાય પણ ખરી.

પરંતુ એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે જે રીતે કરૂણાનીધી અને તેમની પાર્ટીનું ધોવાણ થયેલ છે તે ટુ જી સ્પેકટ્રમમાં તેમની સંડોવણી અને એ રાજાની ધરપકડને જ આભારી છે. કેન્દ્ર સરકારની શ્રી મનમોહનસીંગની સરકાર, એટલે કે શાસક પક્ષ કોંગ્રેસ સાથે તેમનું જોડાણ છે, તેથી જો કોંગ્રેસ આ કૌભાંડ માટે જનતાને સંતોષ થાય તે રીતે પગલાં લેવામાં નિષ્ફળ નિવડશે તો આગામી ચૂંટણીઓમાં તેમને પણ આ છાંટા ઉડવાની શકયતાઓ છે. માત્ર આસામમાં ગઢ જીતવાથી તેઓએ હરખાઈ જવાની જરૂર નથી. હા આસામમાં કોંગ્રેસને જે વિજય મળ્યો છે તે અભૂતપૂર્વ કહી શકાય તેવો છે. જો કે તેનું પાછળનું કારણ આ એક સરહદી રાજય છે અને વખતોવખત ઉગ્રવાદીઓ સક્રિય થાય છે તેથી લોકોએ કોંગ્રેસના શાસનને પસંદ કરેલ હોય. આમ છતાં એક વાત છે કે વિરોધ પક્ષોએ એવી આશા સેવી હતી કે એક પછી એક આવનાર કૌભાંડોના કારણે બદનામ થયેલ કોંગ્રેસ સરકાર આ ચૂટણીઓમાં સારો એવો માર ખાશે, પરંતુ તેમ બનેલ નથી. આસામમાં જવલંત વિજય, મમતા બેનરજીએ ચૂંટણીમાં કોંગ્રેસ સાથે જોડાણ કરી ૩૪ વર્ષ જુની સત્તા ઉખાડી નાખી, તે હાલમાં તો કોંગ્રેસને ખુશખુશાલ કરી નાખે તેવી બાબત છે. કરૂણાનીધીને મળેલ ફટકો એ વાત યાદ કરાવે છે કે પબ્લિક સબ જાનતી હૈ. અને તક મળે ત્યારે પોતાનો પરચો આપતી હોય છે.

જો કે હાલમાં તો પાંચમાંથી ચાર રાજયોમાં જીત મેળવીને કોંગ્રેસને આત્મવિશ્વાસ ટકાવી રાખવા માટે એક બહાનું મળેલ છે. છેલ્લા ઘણા સમયથી ઘટાડો દર્શાવતા અને ચંચળતાપૂર્ણ શેર બજારે પણ આ ચૂટણીઓથી એક હાશકારો પ્રગટ કરેલ છે અને કોંગ્રેસની આ જીતને વધાવી લીધી છે અને બજારમાં ઉછાળો દર્શાવ્યો છે.

**જયહો**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ**

**નરેન્દ્ર જોષી, એડીટર**

# વૈશ્વિક બજારો અને આંતરિક પરિબળોથી ઘેરાયેલ ભારતીય શેરબજાર

વિદેશી બજારો ના મિશ્ર સંકેતો, આઈઆઈપી ના હકારાત્માક આંકડા અને નાયમેકસ ક્રુડ ઓઈલમાં ભારે ઉતાર ચઢાવથી ભારતીય શેરબજારમાં સપ્તાહતી શરૂઆતથી મધ્ય સુધી નાની રેન્જમાં ફરતુ જોવા મળેલ. બે વષ ની નિમ્નતમ સપાટી થી અમેરીકન ડોલરે

**રોકિંગ ટીપ્સ મેકર્સ**



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

મજબુત ઉછાળો દર્શાવેલ. જેની સીધી અસર ક્રુડ ઓઈલમાં જોવા મળેલ. ઓદ્યૌગિક ઉત્પાદન નો દર ૭.૩ ટકા નોધાયેલ જે છેલ્લે ૩.૬૫ ટકા નોધાયેલ. અનિચિત તબકકામાં ફરતા ભારતીય શેરબજારના રોકાણકારો નવી ખરીદી થી દુર થઈ રહેલ છે જયારે રોકાણકારો ને મધ્યમથી લાંબાગાળે ૧૪ થી ૪૦ ટકા ઉપરનુ બમ્પર રિર્ટન મળે તેવા શેરો તૈયાર થઈ ગયા છે જેણે સપોર્ટના ભાવથી ખરીદી કરનારને જરૂર મજબુત વળતર આપશે જે મેમ્બર્સને જણાવીશુ. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે સેન્સેકસ માં ૧૮૭૭૯ પાર કરી તેના ઉપર બંધ આપે તો જ તેજી આગળ વધે પરંતુ તે લેવલ પાર થયેલ નહી જયારે મુખ્ય સપોર્ટ ૧૭૮૮૦ પણ તોડેલ નહી.

ઉતાર ચઢાવ વાળા બજારમાં પણ ટ્રેડરો અને રોકાણકારો બાય અને શોર્ટ ની પોઝિશન બ્રેકઆઉટ લક્ષી અને ચુનંદા સ્ટોકસમાં ગોઠવશે તો નફો જરૂર મળશે જે ફંન્ડામેન્ટલી અને ટેકનીકલ ચાર્ટ ઉપર બારિકાઈથી નિરીક્ષણ કરતાં માલુમ પડે છે. સેન્સેકસ સાપ્તાહીક ચાર્ટ ઉપર હેડ એન્ડ સોલ્ડર એસ એ રિર્વસલ ઈન અપટ્રેન્ડ ની રચના બનાવે છે જે સેન્સેકસમાં ૧૮૯૦૮ ઉપર જ તેજી ના સંકેતો આપે છે જયારે ૧૮૯૦૮ ઉપર બંધ આપતાં ૧૯૩૧૭ અને ૧૯૬૧૧ સુધીના લેવલો જોવા

મળે જયારે મુખ્ય સપોર્ટ ૧૮૧૮૦ તોડી તેની અંદર બંધ આપતાં ઝડપી ઘટાડા થકિ ૧૭૭૮૦ અને ૧૭૦૦૦ સુધીના લેવલો જોવા મળે.

**નિફટી ટેકનીકલ્સ (૫૪૪૪.૭૫)**

સાપ્તાહીક ચાર્ટ ઉપર નિફટી રિકટેગલ ટ્રાયગલ ઈન ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે નિફટીમાં મુખ્ય અવરોધ પાર કરી તેના ઉપર બંધ આપે ન આપે ત્યાં સુધી ઉછાળે વેચવાલી ના સંકેતો આપે છે જયારે મુખ્ય અવરોધ પાર કરી તેના ઉપર બંધ આપે તો નિફટીમાં ત્યાંથી ૨૦૦ પોઈન્ટ ની વધુ તેજી ઝડપી જોવા મળે જયારે મુખ્ય સપોર્ટ તોડી તેની અંદર બંધ આપતાં નિફટીમાં ૫૧૮૦ સુધીના લેવલ જોવા મળી શકે છે જયાં ૨૫૦ પોઈન્ટ કે તેથી વધુની મંદી દ્રારા કમાણી થઈ શકે છે.

આગામી સમયગાળામાં કોલ પુટ ઓપ્શનમાં બ્રેકઆઉટ લક્ષી વેપાર ગોઠવવો.

**મધ્યમથી લાંબાગાળાના રોકાણ માટે નિલકમલ (બીએસઈ કોડ ૫૨૩૩૮૫) (૨૯૮.૭૦)**

મુબંઈ (મહારાષ્ટ્ર) સ્થિત કંપનીની સ્થાપના વ્રજલાલ પારેખ ફેમીલી દ્રારા કરવામાં આવી હતી. મટેરીયલ્સ હેન્ડીગ ક્રેટસ, કન્ટેનર, બીન્સ અને મોડયુલ ફર્નીચર્શ જેમાં ખુરશી, મેજ, અને કેબીનેટનો સમાવેશ સમાવેશ થાય છે. તેનુ કંપની ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપની કસ્ટમ મોડયુલીંગ, મુખ્યત્વે ઓઈએમ સપ્લાયસ ગ્રાહકો, મેગા હોમ રીટેયલ ચેઈન અને હોસ્પિટાલીટી સર્વીસ પ્રોડકટસ ના વ્યવસાય સાથે સંકળાયેલ છે. વાષિ ક ૫૦૦ કરોડથી વધુનુ ટર્નઓવર દર્શાવતી ભારતની નંબર વન બ્રાન્ડેડ કંપનીની પ્રોડકટસ દરેક જગ્યાએ જોવા મળી શકે છે. કંપની દેશમાં ૭ મોટા પ્લાન્ટ ધરાવે છે જેમાં શામ્બા (જમ્મુ કાશ્મીર), ગ્રેટર નોઈડા (ઉતર પ્રદેશ), બાજુરા (વેસ્ટ બેગોંલ), સીન્હારા નાશિક (મહારાષ્ટ્ર) અને સીલ્વાશા જયારે દાદરા નગર હવેલી માં બે પ્લાન્ટ અને પોડીચરી માં પ્લાન્ટ આવેલ છે.

શ્રી વામનરાવ પારેખ કંપનીના ચેરમેન જયારે શરદ પારેખ કંપનીના એમડી છે. હોસ્પિટાલીટી બિઝનેશના ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓ જેવી કે ઈન્જેકશન મોલ્ડીગ, રોટેશન મોલ્ડીગ, વેકયુમ ફોમ ટીગ, પોલીથીન ઈન્જેકશન અને બ્લો મોલ્ડીગ નુ ઉત્પાદન વિશીષ્ટ મશીનરી દ્રારા કરવામાં આવે છે.

અમારા નિયમીત વાચકમિત્રો ને ધ્યાનમાં હશે કે અમોએ આ શેર લેવાની ભલામણ રૂ ૨૩૦ આસપાસ કરેલ જે વાર્ષિક દ્રષ્ટિએ રૂ ૪૪૧ ના ઉછાળા સાથે ૯૧ ટકા જેટલુ બમ્પર વળતર આપેલ છે. શેરની વર્તમાન બુકવેલ્યુ રૂ ૨૦૮.૫૩ છે જયારે ફેસવેલ્યુ રૂ ૧૦ છે. કંપનીનો વર્તમાન પીઈ રેશીયો ૯.૦૪ ટકા છે જે ઈન્ડસ્ટ્રિયલ પીઈ રેશીયો ૧૧.૬૪ ટકા થી નીચે છે. કંપનીએ ચાલુ સમયગાળા માટે ૩૨.૦૭ ટકા ના દરે ઈપીએસ દર્શાવેલ છે. થોડાક સમયગાળા પહેલાં અમે આ શેર લેવાની ભલામણ રૂ ૨૮૫ આસપાસ કરેલ જયાંથી શેર રૂ ૩૧૭ ના ઉછાળા સાથે ૧૧ ટકા જેટલુ વળતર નકારાત્મક બજારમાં પણ આપેલ છે.

ટેકનીકલી ચાર્ટ ઉપર સ્ટોક સાપ્તાહીક અને માસીક દ્રષ્ટિએ સાયમેટ્રીકલ ટ્રાયગલ ઈન ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે શેરમાં મુખ્ય સપોર્ટ થી રૂ ૩૩૩ નો લક્ષાંક ટુંકા થી મધ્યમગાળામાં બતાવી શકે જયારે મુખ્ય અવરોધ પાર કરતાં ૪૦૦ સુધીના ભાવ પણ જોવા મળી શકે છે. મધ્યમગાળામાં મુખ્ય સપોર્ટ થી શેરમાં ૩૦ ટકા ઉપરનુ વળતર મળી શકે તે ચાર્ટ અને ફંન્ડામેન્ટલ તપાસતાં માલુમ પડે છે.

લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર રિકટેગલ ટ્રાયગલ ઈન અપટ્રેન્ડ ની રચના બનાવે છે જે શેરમાં બે મુખ્ય સપોર્ટ ના તબકકામાં રોકાણ કરનારને લાંબાગાળે ૭૫ ટકા ઉપરનુ વળતર મળી શકે તેવા સંકેતો આપે છે. કોમોડીટીમાં આવેલ મોટી તેજીથી કંપનીના પ્રોડકશન ખર્ચમાં વધારો થવા છતાં કંપનીની મજબુત બ્રાન્ડમાં કયારેય વેચાણ પર મોટી અસર જોવા મળી નથી તે કંપનીની સધ્ધરતા બતાવે છે. લાંબાગાળાના રોકાણકારો નાની માત્રામાં શેરમાં ઘટાડે રોકાણ કરી શકે છે જયારે ટુંકાથી મધ્યમગાળાના રોકાણકારો સપોર્ટના ભાવથી રોકાણ કરી શકે છે.

# નિફટીની પ્રતિકારક સપાટી ૫૬૬૦ની આસપાસ અને ટેકો ૫૫૦૦ થી ૫૪૧૦

**ટેકનીકલ ટ્રેન્ડ**



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
WEBSITE : www.stockacademy.co.in

**૧૩ મે, ૨૦૧૧ શુક્રવાર**

નિફટીની પ્રતિકારક સપાટી ૫૬૬૦ની આસપાસ અને ટેકો ૫૫૦૦ થી ૫૪૧૦. સાપ્તાહિક ચાર્ટ મુજબ નિફટી નબળી છે. તેને ૫૬૭૦ પર મજબૂત પ્રતિકારક સપાટી ધરાવે છે. જો નિફટી ૫૬૭૦ પર ટકી રહે તો બુલ રેલી સ્ટાર્ટ થાય.

**આ સપ્તાહે ટ્રેડ કરવા જેવા કેટલાક શેર**

| STOCK NAME | SUPPORT | STOPLOSS | TARGET |
|---|---|---|---|
| LITL | 33.90 | 33.30 | 38 |
| ACC | 995 | 985 | 1050 |
| AXIS BANK | 1245 | 1230 | 1300 |
| GVKPIL | 23.35 | 23.15 | 25 |
| IRB | 165 | 162 | 180 |
| ONMOBILE | 111.50 | 109 | 124 |
| REL CAPITAL | 224 | 220 | 235 |
| REL MEDIA | 143 | 141 | 154 |
| UNITECH | 36.30 | 35 | 40 |
| ASHOKLEY | 49.15 | 48 | 54 |

# બજારોમાં કોગ્રેસ પાર્ટી ને તેના સાથીઓ પાવરમાં આવશે તેવી આશાએ ઘટાડો અટકયો

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૮૫૩૧.૨૮) અને નિફટી (૫૫૪૪.૭૫) બંન્ને ૦.૧ ટકા અને ૦.૧ ટકા ઘટીને બંધ આવ્યા હતા. નિફટી ફયુચર ૩૬.૧૦ ટકા ડીસ્કાઉન્ટમાં આવી શકે. **નિફટી કોલ ઓપ્શન ૫૬૦૦ ખૂબ એક્ટીવ છે. સેન્સેક્ષ માટેનો ટેકો ૧૮૩૦૦, રેજીસ્ટન્સ** ૧૮૭૫૦ જયારે **નિફટીમાં સપોર્ટ** ૫૪૮૦ અને **રેજીસ્ટન્સ** ૫૬૧૦ નો છે.

ચાઈનાની પીપલ્સ બેંકે ફૂગાવાને ડામવા માટે જરૂરી ફંડ રિઝર્વમાં ૫૦ બેઝીક પોઈન્ટની વૃધ્ધિ કરી. સુઝલોન, જે એસ ડબલ્યુ સ્ટીલ, એમ આર પી એલ, એસ બી આઈ, બજાજ ઓટો, એલ એન્ડ ટી અને ટાટા પાવર આવનાર સપ્તાહે તેમનાં પરિણામ જાહેર કરશે.

આઈ સી આઈ સી આઈ બંક અને એસ બી

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

આઈ માં મે સીરીજમાં ઓપન ઈન્ટરેન્સ્ટમાં વૃધ્ધિ થયેલ છે. એસ બી આઈ કોલ ઓપ્શન ૨૭૦૦ ના સ્ટ્રાઈક ભાવે ખુબ મોટી પોઝીશન ઉભી થયેલ છે ટાટા મોટરમા પણ મે કોલ ઓપ્શન ૧૨૫૦ના સ્ટ્રાઈક ભાવે સારી પોઝીશન બુધાયેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. આઈડીયા (૬૭૩૫)** લોટ સાઈઝ ૪૦૦૦ શેર

- મે માસના સ્ટ્રાઈક ભાવ ૬૫ થી ૩.૪૫ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- મે માસના ૭૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૭૫.૦૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** ૩.૪૫★૪૦૦૦=૧૩૮૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** ૦.૭૫★૪૦૦૦= ૩૦૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** ૧૩૮૦૦.૦૦-૩૦૦૦.૦૦=૧૦૮૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** :==૭૦-૬૫=૫★૪૦૦૦=૨૦૦૦૦.૦૦-૧૦૮૦૦.૦૦=૯૨૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** := ૧૦૮૦૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ :** = ૬૭.૭૦

**૨. ડો.રેડ્ડી(૧૬૬૫.૦૫) :** મે માસ ફયુચર લોટ સાઈઝ ૨૫૦ શેર

- રૂ.૧૬૬૫.૦૫ ના ભાવથી મે માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન** : મે માસ સ્ટ્રાઈક ભાવ ૧૭૦૦ થી રૂ.૧૬.૧૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : =૧૬.૧૫★૨૫૦=૪૦૩૭.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : =૧૭૦૦.૦૦-૧૬૬૫.૦૫=૩૪.૯૫★૨૫૦=૮૭૩૭.૫૦+ ૪૦૩૭.૫૦= ૧૨૭૭૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. લ્યુપીન** (૪૪૦ઈ૮૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. ટાઈટન**(૩૯૮૮.૦૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# સ્મોલકેપ, પેન્ની સ્ટોક્સમાં ઓપરેટરો, એચએનઆઈનું વેલ્યુબાઈંગ ઉછાળો સર્જશે

આકર્ષક ભાવે ઉપલબ્ધ સ્મોલકેપ, પેન્ની સ્ટોક્સમાં ઓપરેટરો, એચએનઆઈનું વેલ્યુબાઈંગ ઉછાળો સર્જશે...

૧. આરઈઆઈ એગ્રો (૫૩૨૧૦૬) (૨૬.૧૫): નજીકમાં જ તોફાની ઉછાળાથી ૨૯થી ૩૨...
૨. જેટ એર (૫૩૨૬૧૭) (૪૬૯.૪૦) નજીકમાં જ ૪૮૦થી ૫૦૦...
૩. એસ કુમાર (૫૧૪૩૦૪) (૫૮.૭૫) નજીકમાં જ ૬૮થી ૭૫...
૪. ગોદરેજ કન્ઝ્યુમર (૫૩૨૪૨૪) (૩૯૨.૧૦): નજીકમાં જ ૪૦૬થી ૪૨૩...
૫. ચંબલ ફર્ટી (૫૦૦૦૮૫) (૮૧.૧૦): નજીકમાં જ ૮૬થી ૯૩...
૬. બાટલીબોઈ (૫૨૨૦૦૪) (૨૨.૦૫) નજીકમાં જ ૨૭થી ૩૨...
૭. આર પાવર (૫૩૨૯૩૯) (૧૧૬) નજીકમાં જ ૧૨૫થી ૧૩૧...
૮. ક્રિતી ઈન્ડ (૫૨૬૪૨૩) (૬.૫૦) નજીકમાં જ ૮થી ૧૦...
૯. એનટીપીસી (૫૩૨૫૫૫) (૧૭૫.૦૫) નજીકમાં જ ૧૮૦થી ૧૮૫
૧૦. એસઈએલએમસીએલ (૫૩૨૮૮૬) (૧૭.૯૫): નજીકમાં જ ૨૧થી ૨૫...
૧૧. આરબીએન (૫૩૩૧૪૩) (૭૦.૪૦): નજીકમાં જ ૮૦થી ૮૮...
૧૨. ક્રિતી ન્યુટ્રીન્સ (૫૩૩૨૧૦) (૫.૭૦): નજીકમાં જ ૭થી ૯...

**હોટ કેક**



**પારસ ઘેલાણી**
**મો. ૯૦૯૯૦૧૦૮૨૭**
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com
http://letusgrowtogether111.blogspot.com

૧૩. એડલવેઈઝ (૫૩૨૯૨૨) (૩૩.૬૫): નજીકમાં જ ૩૭થી ૪૧...
૧૪. એચઓસીએલ (૫૦૦૪૪૯) (૩૩.૬૫): નજીકમાં જ ૩૭થી ૪૧...
૧૫. બાલાસોર એલોયઝ (૫૧૭૧૪૨) (૨૨.૮૦): નજીકમાં જ ૨૭થી ૩૨...
૧૬. સર્ડી ઈન્ડ. (૫૩૦૬૧૧) (૫.૦૨): નજીકમાં જ ૭થી ૯...
૧૭. હિંદ કોપર (૫૧૩૫૯૯) (૨૭૩.૭૫): નજીકમાં જ ૩૦૨થી ૩૪૨...
૧૮. વિન્સુમ યાર્ન (૫૧૪૩૪૮) (૪.૧૬): નજીકમાં જ ૫થી ૭...
૧૯. ઈન્ડિયા લીઝ (૫૦૦૨૦૨) (૮.૯૪) નજીકમાં જ ૧૦થી ૧૪...
૨૦. અરવિંદ રેમડીઝ (૫૩૧૮૨૩) (૨.૨૨): નજીકમાં જ ૩થી ૫...
૨૧. સુપર સ્પીનીંગ (૫૨૧૧૮૦) (૧૦.૪૮): નજીકમાં જ ૧૪થી ૧૮...
૨૨. અજીગોલ્ડ (૫૧૨૨૮૯) (૧૧૧.૭૫) નજીકમાં જ ૧૨૦થી ૧૨૬...
૨૩. કરૂતુરી ગ્લોબલ (૫૩૧૬૮૭) (૧૨.૮૫) નજીકમાં જ ૧૪થી ૧૮....
૨૪. કચ્છ મિનરલ (૫૩૧૭૭૮) (૯.૩૦): નજીકમાં જ ૧૨થી ૧૪....
૨૫. શ્રી અષ્ટ વિનાયક (૫૩૨૭૯૩) (૫.૬૭): નજીકમાં જ થી ૭થી ૯...
૨૬. ટાઈમેક્સ (૫૦૦૪૧૪) (૩૭.૫૦): નજીકમાં જ ૩૯થી ૪૩...
૨૭. શ્રી બજરંગ એલોયઝ (૫૨૬૯૮૧) (૨૨.૭૦): નજીકમાં જ ૨૫થી ૩૦...

નવા ઈસ્યુ પા.નં. ૫ નું ચાલુ

છે. આ કંપનીની ગૌણ કંપનીઓએ ૨૦૧૦ સુધીનાં છેલ્લાં ત્રણ વર્ષમાં ખોટ કરેલ, પરંતુ આ કંપનીએ નફો દર્શાવેલ છે, દર વર્ષે આવક અને નફામાં વૃધ્ધિ જોવા મળેલ છે, આ કંપની ખૂબ જ વિકાસ ધરાવતા પર્સનલ અને હોમ કેર સેગમેન્ટમાં પ્રવૃત્ત છે તેમ જ ઉત્પાદનોની શ્રુંખલા સસાથે વૈશ્વિક સ્તરનાં ઉત્પાદનો પુરાં પાડી રહેલ છે. તેનો આંતર રાષ્ટ્રીય બિઝનેસ કુલ આવકના ૫૮ ટકા આવક પુરી પાડે છે તેમ જ ખૂબ જ આધુનિક રિસર્સ અને ડેવલપમેન્ટ સેન્ટર ધરાવે છે. તેના બે પ્લાનતો વ્યુહાત્મક રીતે જે એન પોર્ટ ટ્રસ્ટ, નવી મુંબઈ ખાતે આવેલ છે. નવું દરખાસ્તિત વિસ્તૃતિકરણ તેમ જ વના પ્રોજેકટની સ્થાપના આ કંપનીને એફ એમ સી જી ક્ષેત્રમાં રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વધતી જતી માંગને પૂરી પાડવામાં ખૂબ જ મદદરૂપ થશે. તેનું ઈજીપ્ત ખાતે યુનિય આફ્રીકા, મીડલ ઈસ્ટ અને તુર્કીની કંપનીઓની માંગને પુરી કરવા માટે વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. આ કંપની ખૂબ સારી રીતે સંચાલીત છે.

સરકારશ્રીએ આ કંપનીને ૨૦૧૦માં તલોજાના ઓક્ષપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ માટે ૧૦૦ ટકા વેરામાફી આપેલ છે.

રૂ. ૩૨૫-૩૪૦ ના ભાવે આ ઈસ્યુનો ભાવ ના. વ. ૨૦૧૦ ની કમાણી મુજબ ૧૫ ના પીઈ રેશિયોથી આવે છે. છેલ્લી નાણાકીય પરિસ્થિતિ મુજબ આ પીઈ ઓછા પણ હોઈ શકે. કંપનીનાં ઉત્પાદનો અને અને તેના ગ્રાહક વતૂળને તેમ જ તેના વિકાસના આયોજનને જો ધ્યાનમાં લેવામાં આવે તો આ કંપનીનો શેર આ ભાવે આકર્ષક જણાય છે. તેમાં અવશ્ય કોઈ પણ ગાળા માટે રોકાણ કરી શકાય.

તાણાવાણા પા.નં. ૫ નું ચાલુ

ફન્ડામેન્ટલવાળો ઠરાવવામાં આવેલ છે.

૨૦૦૮માં વી એમ એસએ ઓફશોર બિઝનેસ એક્ટીવીટી અને તેને આનુસંગિક સેવાઓના ધંધામાં ટગ અને સ્પીડ બોટ ખરીદીને શરૂઆત કરેલ. જુલાઈ ૨૦૧૦માં જયારે ટગ ખુલ્લા બજારમાં ભાડાના ધોરણે સંચાલીત થતી હતી ત્યારે સ્પીડ બોટ ગુજરાત મેરીટાઈલ બોર્ડને ૫મી માર્ચ ૨૦૧૧ સુધી લીઝ પર આપવામાં આવેલ હતી. આ પછી કંપનીએ બીજી ૬ શીપ ખરીદેલ જેમાંથી ૩ સંપૂર્ણ રીતે ધ્વસ્ત થઈ ગયેલ છે. વી એમ એસ ૨૫ ટકા સ્ટોક સાથે હોન્ડા મોટર સાઈકલ અને સ્કૂટર ઈન્ડિયા પ્રા. લી. ના ટુવ્હીલરના ડીલર ઈટરનલ ઓટોમોબાઈલમાં પણ ભાગીદારી ધરાવે છે.

**ભારતની પી એલ જી પાવરે આઈપીઓ માટે પેપર્સ સબમીટ કર્યા**

ભારતની પી એલ જી પાવરે ૧૦૦ મિલિયન યુ.એસ ડોલરનો આઈપીઓ લાવવા માટે લંડન ઓલ્ટરનેટ ઈન્વેસ્ટમેન્ટ માર્કેટ (એ આઈ એમ) ખાતે પેપર્સ રજુ કરેલ છે. આ આઈપીઓ દ્વારા એકત્રિત થનાર ફંડથી આ કંપની તેની સોલાર પાવર ઉત્પાદન સુવિધાનું વિસ્તૃતિકરણ કરશે. આ કંપની એ આઈ એમ પણ લીસ્ટ થશે. આ આઈ પી ઓ પૂર્ણ થયાના ૬ માસ પછી આ કંપની ૧૦૦ મિલિયન ડોલરનો એફપીઓ લાવવા પણ હાલ વીચારી રહેલ છે. આ કંપની તેના શેરનો ચોથો ભાગ સી વી સી કેપિટલને વેચવા માટે પણ વાટાઘાટો ચલાવી રહેલ છે અને હવે તે વાટાઘાટો અંતિમ તબક્કામાં છે.

ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન

# આ સપ્તાહે ગેલેક્ષી સર્ફેસ્ટન્ટસ લી. મૂડી બજારમાં, તા. ૫ જુલાઈથી ઓ એન જી સી પણ એફ પી ઓ સાથે મૂડી બજારમાં પ્રવેશ કરશે

## ગત વર્ષે ૭૦ ટકા આઈપીઓએ રોકાણકારોને નવડાવ્યા નાના રોકાણકારો બજારથી દૂર થતા થાય છે

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

મિત્રો,

આ સપ્તાહે ગેલેક્ષી સર્ફેસ્ટન્સ્ટસ લી. મૂડી બજારમાં પ્રવેશી રહેલ છે. ઓએનજીસી અને સેઈલ પણ મૂડીબજારને એફ પી ઓ દ્વારા ગરમ કરવા માટે ઘોડા ઉપર સવાર થઈ ગયા છે. ૨૦૧૨ ના નાણાકીય વર્ષમાં રૂ. ૪૦ હજાર કરોડના ડીઈન્વેસ્ટમેન્ટનો લક્ષાંક સરકારશ્રીએ રાખેલ છે અને તેના ભાગ રૂપ આ એફ પી ઓ મૂડી બજારમાં આવી રહેલ છે. વધુ ઈસ્યુ લાવવા માટે બજારની સાનુકૂળતા જોવાઈ રહી છે.

સ્વાભાવિક છે કે આવી કંપનીઓ પ્રત્યે રોકાણકારોનો વિશ્વાસ સારો હોય અને તેમાં કરેલ રોકાણ લાંબા ગાળે પણ ફળદાયી થાય.

પરંતુ ચિંતાની બાબત એ છે કે બજારની સાનુકૂળતા હોય ત્યારે તેનો લાભ લેવા માટે આવતી નબળા ફન્ડામેટલ વાળી કંપનીઓ, જેના છટકામાં ફસાયા પછી નાના રોકાણકારો બજારથી દૂર થતા જાય છે.

ગત વર્ષ દરમ્યાન પણ મૂડી બજારમાં આવેલ ૭૦ ટકા જેટલી કંપનીઓના શેર તેની ઓફર પ્રાઈસથી હાલમાં ડીસ્કાઉન્ટમાં મળી રહેલ છે. અરે, તાજેતરમાં જ આઈપીઓ સાથે મૂડીબજારમાં આવેલ પેરેમાઉન્ટ પ્રિન્ટ પેકેજીંગનું લીસ્ટીંગ નિરસ રહ્યું. આ શેર આ કંપનીએ રૂ. ૩૫ ના ભાવે ઓફર કરેલ હતો, આમ છતાં આ શેર રૂ. ૩૭.૯૦ થી રૂ. ૨૪.૮૦ વચ્ચે અથડાયા પછી લીસ્ટીંગના દિવસે જ ૨૭ ટકા નીચે એટલે કે રૂ. ૨૪.૪૫ ના ભાવે બંધ આવેલ હતો. આ કારણે હવે નાના રોકાણકારો નવા ઈસ્યુથી દૂર જઈ રહેલ છે. સેબીએ થોડા સમય પહેલાં મર્કેન્ટાઈલ બેંકોને આવા આઈપીઓ લઈને આવતી કંપનીઓને ચકાસવા અને તે પ્રત્યે કડક વલણ અપનાવવા માટે તાકીદ કરી હતી, પરંતુ હજુ પણ આવા ડીસ્કાઉન્ટમાં લીસ્ટ થતા આઈપીઓની પરંપરા પર કોઈ રોક આવી નથી.

અને આ જ કારણે છેલ્લા એકાદ બે માસ દરમિયાન મૂડી બજારમાં આઈપીઓમાં રોકાણકારો તરફથી ખૂબ જ નબળો પ્રતિસાદ મળી રહેલ છે. બે ત્રણ આઈપીઓને બાદ કરતાં બીજા આઈપીઓમાં રોકાણકારોની ઉદાસીનતા આંખે ઉડીને વળગે તેવી હતી. અરે ફ્યુચર્સ ગ્રુપની ફ્યુચર્સ વેન્ચર્સ ઈન્ડયાનો આઈપીઓ ભાવેભાવ આવેલ હોવા છતાં તેમાં પણ રોકાણકારો ઉદાસીન રહેલ અને આ આઈપીઓ રિટેલ પોશનમાં માત્ર અને માત્ર ૦.૬૧ ટકા ભરાયેલ હતો.

આ સામે તાજેતરમાં ભૂતકાળ હસ્તકની તેમ જ ખાનગી કંપનીઓ જેવી કે સટેટ બેંક, આઈ ડી એફ સી, લાર્સન અને તાતા કેપીટલ દ્વારા રજૂ કરાયેલ બોન્ડ ઈસ્યુને રોકાણકારોએ સારો પ્રતિસાદ આપેલ હતો અને બોન્ડનું ભરણું છલકાઈ જવા પામેલ હતું. આ બોન્ડ પર રોકાણકારોને વાર્ષિક ૧૦ થી ૧૧ ટકા વળતર મળેલ હતું જયારે આઈપીઓમાં લગભગ વળતર શૂન્ય રહેલ હતું એટલું જ નહીં, મોટા ભાગના આઈપીઓમાં રોકાણકારોએ પોતાની પરસેવાની મૂડી ખોવી પડે તેવી દશા થઈ હતી.

જો કે આ બાબત તરફ સેબીનું ધ્યાન ખેંચાયેલ છે, અપેક્ષા છે કે રોકાણકારોનો પુનઃવિશ્વાસ સંપાદન કરવા માટે સેબી તરફથી ચોક્કસ નક્કર પગલાં ભરવામાં આવશે.

આપની જાણ માટે અત્રે મે માસમાં લીસ્ટ થયેલ આઈપીઓની હાલની પરિસ્થિતિ દર્શાવેલ છે. છે ને સબ તારે જમીન પર ????

### મે માસમાં લીસ્ટ થયેલ આઈપીઓ
### (સબ તારે જમીન પર)

| કંપનીનું નામ | છેલ્લી વેચાણ કીંમત | ઈસ્યુ પ્રાઈઝ | લીસ્ટીં તા. | % તફાવત |
|---|---|---|---|---|
| ઈનોવેટિવ ઈન્ડ.લી. | ૧૦૧.૫૫ | ૧૧૭.૦૦ | ૧૩-મે-૧૧ | -૧૩.૨૧ |
| સર્વલક્ષ્મી પેપર લી. | ૧૯.૦૦ | ૨૯.૦૦ | ૧૨-મે-૧૧ | -૩૪.૪૮ |
| ફ્યુચર વેન્ચર્સ ઈન્ડિયા લી. | ૮.૩૦ | ૧૦.૦૦ | ૧૦-મે-૧૧ | -૧૭.૦૦ |
| પેરામાઉન્ટ પ્રીન્ટપેકેજીંગ લી. | ૩૨.૮૦ | ૩૫.૦૦ | ૦૯-મે-૧૧ | -૬.૨૯ |
| મુથુટ ફાઈનાન્સ લી. | ૧૬૯.૮૦ | ૧૭૫.૦૦ | ૦૬-મે-૧૧ | -૨.૯૭ |

**આઈ પી ઓ ની સાચી અને સચોટ માહિતી માટે વાંચતા રહો 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન'**

**સારા ફન્ડામેન્ટલ ધરાવતી આ કંપનીમાં ચોક્કસ રોકાણ કરી શકાય**

# ગેલેક્ષી સર્ફેસ્ટન્ટસ લી.

**એસ પી તુલસીયન આ ઈસ્યુમાં અરજી કરવાથી રોકાણકારોને કોઈ ફાયદો નથી તેમ જણાવે છે પરંતુ કે આર ચોકસી, આઈસીઆઈસીઆઈ ડાયકેરટ.કોમ, મહેતા ઈકવીટીઝ વગેરે બ્રોકરેજ હાઉસી પણ આ ઈસ્યુમાં રોકાણ કરવાનું કહી રહેલ છે. હાલની શેર વેલ્યુ મુજબ આ ઈસ્યુમાં રોકાણના આશયથી અરજી કરવી વધુ હિતાવહ જણાય છે.**

**કંપનીનો પરિચય**

૧૯૯૦માં સ્થપાયેલી ગેલેક્ષી સર્ફેસ્ટન્ટસ લી. ભારતના પર્સનલ અને હોમકેર ઈન્ડસ્ટ્રીઝ માટે સર્ફેકટન્ટસ અને સ્પેશિયાલીટી કેમિકલ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. આ કંપની કોસ્મેસ્ટીક ઈનગ્રેડીઅન્ટની એક શ્રુંખલા ઉત્પાદિત કરે છે જેમાં એક્ટીવ ઈનગ્રેડીઅન્ટસ, યુવી પ્રોટેકશન અને ફંકશનલ પ્રોડકટનો સમાવેશ થાય છે. આ કંપનીનાં ઉત્પાદનો ઘણી મોટી એફ એમ સી જી કંપનીઓ સ્કીન કેર, હેર કેર, બોડી વોશ, સન કેર, હાઉસ હોલ્ડ કલીનર્સ અને ફેબ્રીકસ કેર ઉત્પાદનો માટે ઉપયોગમાં લે છે. સર્ફેકટન્ટસ એક એવું કંપાઉન્ડ છે કે જે પ્રવાહીના સપાટીના ખેંચાણ (સર્ફેસ્ટેન્શન)ને ઓછું કરે છે, બે પ્રવાહી વચ્ચેનું ઈન્ટર ફેસિયલ ટેન્શન ઓછું કરે છે તેમ જ તે ડીટર્જન્ટ, વેટીંગ એજન્ટસ, એમુલ્સીફાયર અને ફોમીંગ (ફીણ) એજન્ટ તરીકે કાર્ય કરે છે.

આ કંપનીના પોર્ટફોલીયોમાં ૬૬ જેટલાં ઉત્પાદનો છે અને આ ઉત્પાદનો આ કંપની ૭૦ જેટલા દેશોમાં વેચાણ કરી રહેલ છે તેમ જ પર્સનલ અને હોમ કેર ક્ષેત્રમાં આ કંપની એક પ્રમાણિત સપ્લાયર અને પસંદગીની કંપની છે.

આ કંપનીનાં પરદેશનાં ગ્રાહકોમાં બેઈર્સડોર્ફ, કોલગેટ પામોલીવ, એકોલેબ, હેન્કલ, ડાવર્સી, રેકીટ્ટ બેન્કીસર અને યુનીલીવર વગેરેનો સમાવેશ થાય છે, જયારે સ્વદેશી ગ્રાહકોમાં આયુર, કેવીનકેર, ડાબર, ઈમામી, આઈટીસી, મેરીકો, પ્રોકટર એન્ડ ગેમ્બલ અને બીજી ઘણી કંપનીઓનો સમાવેશ થાય છે.

### ગેલેક્ષી સર્ફેસ્ટન્ટસ લી.

**ઈસ્યૂ ખુલવાની તા.૧૩ મે ૨૦૧૧ થી ૧૯ મે, ૨૦૧૧**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૫,૯૩૦,૦૦૦ |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | રૂ. ૧૯૨.૭૩ થી રૂ. ૨૦૧.૬૨ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | રૂ. ૩૨૫ થી રૂ. ૩૪૦ |
| **ઓછામાં ઓછી અરજી** | ૨૦ (રૂ. ૬૮૦૦) |
| **વધારેમાં વધારે અરજી** | ૫૮૦ (રૂ. ૧૯૭૨૦૦) |
| **પ્રમોટર્સ** | શ્રી ઉન્નાથન શેખર<br>શ્રી ગોપાલક્રીશ્ન રામક્રીશ્નન<br>શ્રી મશીકાન્ત રાયપ્પા શાનભાગ<br>શ્રી સુધીન દત્તરામ પાટીલ |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | સી ૪૯/૨, ટીટીસી ઈન્ડસ્ટ્રીઅલ એરીયા, નવી મુંબઈ ૪૦૦ ૭૦૩<br>ફોન : ૯૧-૨૨-૬૫૧૩૪૪૪૪/૨૭૬૧૬૬૬૬<br>ફેક્સ: ૯૧-૨૨-૨૭૬૧૫૮૮૩/૨૭૬૧૫૮૮૬ |

**Email: galaxy@galaxysurfactants.com**
**www.galaxysurfactants.com**

| | |
|---|---|
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લી.<br>કોમ્પ્યુટર સર્વિસ (પ્રા) લી.<br>સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ, એલબીએસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૭૮<br>ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |

**Email: gsl.ipo@linkintime.co.in**
**Website: http://www.linkintime.co.in**
**Cheque Drawn In Favour Of**
"Escrow Account - GSL Public Issue - R"
For Retail Bidders

| | |
|---|---|
| **બુકરનીંગ લીડ મેનેજર** | સેન્ટ્રમ કેપિટલ લી.<br>મોતીલાલ ઓસવાલ ઈન્વેસ્ટમેન્ટસ એડવાઈઝર્સ પ્રા. લી. |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

**નાણાકીય વિગત (રૂ. કરોડમાં)**

| | ૦૮ | ૦૯ | ૧૦ |
|---|---|---|---|
| **કુલ આવક** | ૩૮૯ | ૫૬૯ | ૫૯૪ |
| **ચોખ્ખો નફો** | ૨૬.૧૭ | ૨૭ | ૪૦ |
| **ઈપીએસ** | ૧૫.૩૦ | ૧૫.૬૩ | ૨૨.૧૨ |

NAV as on 31-03-10 is Rs 86.20.

### ઈસ્યુ લાવવાનો હેતુ

- કંપનીની સબસીડીઅરી કંપની જી એચ એમ એલ દ્વારા એક સ્ટેપ નીચેની સબસીડીઅરી કંપની જી સી ઈજીપ્તમાં રોકાણ કરવા માટે ફંડ એકત્રીત કરવા માટે
- ગુજરાતના ઝગડીયા ખાતે નવી ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે
- થાપર ખાતે આવેલ કંપનીના હયાત ઉત્પાદન એકમની ક્ષમતાવૃધ્ધિ માટે રોકાણ કરવા માટે
- કંપનીની આલની તલોજા ખાતેની ઉત્પાદન સુવિધાની ક્ષમતાવૃધ્ધિ માટે રોકાણ કરવા
- બીજાં કોર્પોરેટ કારણોમાટે રોકાણ કરવા

### રેટીંગ

ક્રેડીટ રેટીંગ કંપની ક્રીસીલ દ્વારા આ કંપનીને ગ્રેડ ૪ ફાળવવામાં આવેલ છે, એટલે કે ક્રીસીલના મંતવ્ય અનુસાર આ કંપની બીજી આજ પ્રકારની લીસ્ટેડ કંપનીઓની સરખામણીમાં સરાસરી ફન્ડામેન્ટલ કરતાં સારા ફન્ડામેન્ટલ ધરાવે છે. ક્રીસીલ કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

**જોખમી પાસુ**

- જીઓપોલીટીકલ અને કરન્સીનું જોખમ
- તેઓ ઈજીપ્ત ખાતે ઉત્પાદન સુવિધા સ્થાપી રહેલ છે. સ્થાનિક અનુભવ ઓછો છે.
- એથીલેન ઓક્ષાઈડ રો મટેરિઅલ્સ માટે તેઓ એક જ ગ્રાહક પર આધાર રાખી રહેલ છે.
- ના.વ. ૨૦૦૯ આ કંપનીના ટોચના ૧૦ ગ્રાહકો ૭૦ ટકા આવક કરાવેલ જયારે ૨૦૧૦માં ૮૭ ટકા આવક કરાવેલ.
- ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦ દરમ્યાન આ કંપનીની સબસીડીઅરી કંપનીઓને નુકશાન નોંધાવેલ છે. તેમ જ આ સમય દરમ્યાન નેગેટિવ નેટવર્થ રહેલ છે.

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૨,૯૬૫,૦૦૦ | ૮૮૯,૫૦૦ | ૨,૦૭૫,૫૦૦ | ૦ |

**આ કંપનીના પ્રમોટરોને નીચે મુજબના ભાવે શેર ફાળવેલ છે.**

1. **શ્રી ઉન્નાથન શેખર રૂ. ૨.૮૩**
2. **શ્રી ગોપાલક્રીશ્ન રામક્રીશ્ન રૂ. ૩.૦૬**
3. **શ્રી શશીકાન્ત રાયપ્પા શાનભાગ રૂ. ૨.૭૫**
4. **શ્રી સુધીર દત્તરામ પાટીલ રૂ. ૨.૭૯**

### નાણાકીય અને ભલામણ

આ કંપનીની નાણાકીય સ્થિતિ પર વિચાર કરીએ તો આ કંપનીની આવકો લગભગ સમાન દરે વધેલ છે તેમ જ ચોખ્ખા નફામાં તેમ જ શેર દીઠ આવકમાં પણ વૃધ્ધી નોંધાયેલ

અનુસંધાન પા.નં. ૪ ઉપર

## પ્રાઈમરી માર્કેટના તાણા-વાણા

### સંઘવી ફોર્જીંગના આઈપીઓને મળેલ નબળો પ્રતિભાવ

સંઘવી ફોર્જીંગ અને એન્જીનીયરીંગનો આઈપીઓ તા. ૪ મે, ૨૦૧૧ થી ૯ મે, ૨૦૧૧ સુધી ભરણા માટે ખુલ્લો મુકવામાં આવેલ. આ આઈપીઓને રોકાણકારો તરફથી ખૂબ જ નબળો પ્રતિભાવ સાંપડેલ છે, અને આ આઈપીઓ છેલ્લે બંધ થવાના દિવસે માત્ર ૧.૩ ગણો જ ભરાયેલ છે. આ કંપનીએ તેણે પ્રસ્તુત કરેલ ૪૬,૧૨,૫૨૫ શેર સામે ૫૯,૯૬,૯૦૦ શેર માટેની અરજીઓ મેળવેલ છે અને નાના રોકાણકારોના સહયોગથી જ આ ઈસ્યુ ભરાયેલ છે. નાના રોકાણકારોએ આ ઈસ્યુ ૨.૯૩ ગણો ભરેલ છે જયારે બિનસંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો ૧.૮૨ ગણો ભરાયેલ છે. કયુ આઈ બી તરફથી એક પણ શેર માટે અરજી આવેલ નથી.

લીસ્ટીંગ વખતે આ શેર ઉછાળા મારશે, શેર હોય તો નફો બુક કરવો હિતાવહ જણાય છે.

### આર આઈ એન એલ, એન બી સી ના.વ. ૨૦૧૨માં જ મૂડીબજારમાં પ્રવેશ કરશે

એક અહેવાલ મુજબ યુનિયન કેબિનેટે સરકારશ્રીની માલીકીની કંપનીઓ જેવી કે રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ (આર આઈ એન એલ) અને નેશનલ બિલ્ડીંગ કન્સ્ટ્રકશન (એન બી સી)ના ઈસ્યુ નાણાકીય વર્ષ ૨૦૧૨ દરમ્યાન આવશે. શ્રી સુમિત બોઝ, સેક્રેટરી ઓફ ડીપાર્ટમેન્ટ ઓફ ડીસઈન્વેસ્ટમેન્ટ દ્વારા મની કન્ટ્રોલને આ જાણકારી આપવામાં આવેલ હતી.

એવી પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે ચાલુ નાણાકીય વર્ષમાં ઓ એન જી સી, સેઈલ અને હિન્દુસ્તાન કોપરનો એફ પી ઓ આવશે. ઓ એન જી સીના એફ પી ઓ માટે તારીખો જાહેર થયેલ છે જ. સેઈલનો એફપીઓ જુન માસના બીજા સપ્તાહમાં એટલે કે ઓ એન જી સી ના એફ પી ઓ પછી લોન્ચ કરવામાં આવશે જયારે હિન્દુસ્તાન કોપરનો એફ પી ઓ પાછળથી પ્રસ્તુત કરવામાં આવશે. ચાલુ નાણાકીય વર્ષનો ડીસઈન્વેસ્ટમેન્ટનો લક્ષાંક ૪૦,૦૦૦ કરોડ રાખવામાં આવેલ છે. આ માટે સાનુકૂળ બજારને અનુસરવામાં આવશે.

### ક્રીસીલ દ્વારા ટ્રી હાઉસ એજયુકેશનના આઈપીઓના ફન્ડામેન્ટલને સરેરાશ ઠરાવવામાં આવ્યા

ક્રીસીલ દ્વારા તા. ૧૦ મેના રોજ પ્રસિધ્ધ થયેલ એક અહેવાલ મુજબ ટ્રી હાઉસ એજયુકેશનના આઈપીઓને પાંચમાંથી ગ્રેડ ૩ આપવામાં આવેલ છે એટલે કે ક્રીસીલ દ્વારા આ કંપનીના ફન્ડામેન્ટલ સરેરાશ ઠરાવવામાં આવેલ છે.

ટ્રી હાઉસ એ ભારતની સ્વયંસંચાલિત પ્રીસ્કૂલ એજયુકેશન પુરું પાડતી કંપની છે. આ કંપની હાલમાં ૨૩ શહેરોમાં મળીને ૧૭૭ પ્રીસ્કૂલ્સ ચલાવે છે જેમાંથી ૧૦૮ સ્વયંસંચાલીત છે. આ ઉપરાંત આ કંપની પ્રીસ્કૂલ ટીચર ટ્રેનીંગ, ડે કેર જેવી એન્સીલીઅરી સેવાઓ સાથે પણ જોડાયેલ છે.

### ઈકરા દ્વારા રશીલ ડેકોરના આઈપીઓને ગ્રેડ-૨ અપાયો

ઈકરા દ્વારા રશીલ ડેકોરના આઈપીઓને સરેરાશ કરતાં નબળા ફન્ડામેન્ટલ વાળો ઠરાવવામાં આવેલ છે અને તેને પાંચમાંથી ૨ ગ્રેડ આપવામાં આવેલ છે.

આર ડી એલ અમદાવાદ સ્થિત રશીલ ગ્રુપનો એક હિસ્સો છે જે લેમીનેટેડ શીટસના ઉત્પાદન અને વેચાણ સાથે સંકળાયેલ છે. આ કંપનીની લેમીનેટેડ શીટસની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૮.૪ લાખ શીટ હતી જે વધારીને ૩૦ લાખ શીટ કરવામાં આવેલ છે. ૨૦૦૯ની સાલમાં આ કંપનીએ પ્લેઈન પાર્ટીકલ બોર્ડના ઉત્પાદનમાં ઝંપલાવેલ, હાલમાં આ કંપની ચીકમન્ગલુર, કર્ણાટક ખાતે એમ ડી એફ યુનિટ સ્થાપી રહેલ છે.

### ઈકરા દ્વારા વી એમ એસ ઈન્ડ.ના આપીઓને નબળા ફન્ડામેન્ટલ વાળો ઠરાવાયો

ઈકરા દ્વારા દરખાસ્તિત આઈ પી ઓ વી એમ એસ ઈન્ડ.ને નબળા

અનુસંધાન પા.નં. ૪ ઉપર

# ચૂંટણીના રીઝલ્ટો, આઈઆઈપી તેમજ એક્સપોર્ટ ડેટા તેમજ ઘટેલા ફૂગાવાએ બજારમાં તેજીની હવા ફૂંકી છે

## ટેકનીકલ ચાર્ટ તેજી દર્શાવી રહેલ છે, પરંતુ ૫ રાજયોમાં ચૂંટણીઓ પૂર્ણ થવાથી જો સરકાર પેટ્રોલીયમ પ્રોડકટના ભાવમાં વધારો કરે તો બજારને નકારાત્મક અસર થઈ શકે

**બીએસઈ સેન્સેક્સ**

**બંધ : ૫૫૪૪.૭૫**

વાચક મિત્રો,

આજે દેશના પાંચમાંથી ત્રણ રાજયમાં વર્તમાન યુ.પી.એ પ્રેરિત

**આજથી શરૂ થયેલ તેજીનો તબક્કો ફરી બજારને ૨૦૦ ડીએમએ ઉપર લાવી દેશે**

એલાયન્સનો વિજય થયો તો તામિલનાડુમાં ડી.એમ.કે.ના ભ્રષ્ટાચારી પ્રધાનોને પ્રજાએ જાકારો આપ્યો છે. પણ પરિસ્થિતિમાં ખાસ કાંઈ ફેર નહી પડે. ચોરના ભાઈ ઘંટી ચોર જેવો ખેલ તામિલનાડુમાં છે. આજે પ્રજાના ફેસલાને પ્રજાએ અને શેરબજારે વધાવેલ છે.

હવે મે આખર સુધીમાં મોટા ભાગની કંપનીના ૩૧ માર્ચ ૨૦૧૧ના



પૂરા થયેલ વર્ષના ઓડીટેડ રીઝલ્ટો આવી જશે અને ઈન્સાઈડર એક્ટીવીટીને લઈને બજારમાં એક્ટીવીટી જોવા મળશે. મોટાભાગે ચાર્ટનો સ્ટડી કરતાં હાલમાં ડેઈલી- વીકલી ચાર્ટ જે નરમાઈ સૂચવે છે તે પણ માસિક ચાર્ટની સાથે આવનારી મહા રેલીમાં જોડાઈ જશે. ટૂંકમાં હવે બજાર માટે કોર્પોરેટ રીઝલ્ટો અને આવનારા ચોમાસાની પ્રગતિ ઉપર બજારની ગતિ જોવા મળશે. પણ આજે આવેલ પાંચ સ્ટેટના ઈલેકશનોના રીઝલ્ટ થકી બજારમાં એક સારી એવી રેલી આવતી દેખાઈ રહી છે. મે માસનો ક્લોઝ ૧૯૨૨૫ ઉપર આવતો અમોને દેખાય છે.

આજે આવેલ આઈઆઈપી અને એક્સપોર્ટ ડેટાએ સાબિત કરી દીધું છે કે આપણી ઈકોનોમી ખૂબ જ સારી રીતે પ્રગતિ કરી રહી છે, તો એપ્રિલ માસના ક્લોઝ વખતે અમોએ અત્રે લખેલ કે બજાર ફરીને ૨૦૦ ડીએમએ ક્રોસ કરવાની તૈયારી કરી રહ્યું છે.

અત્રે આપેલ ચાર્ટમાં બજાર છેલ્લા

**માર્વેલસ રિસર્ચ**

**લલીતભાઈ શાહ**
**મો. ૯૮૨૫૦૫૬૩૯૬**

૬-૭ દિવસથી નીચે તરફના સપોર્ટ લેવલોથી સપોર્ટ લઈ રહ્યું છે. ૧૮૩૬૩ના ટેકાને ધ્યાનમાં રાખી ૧૮૩૭૦ આજુબાજુ સ્ટોક સ્પેશીફીક લેણ કરાય. જેનો સ્ટોપલોસ ૧૮૨૭૦નો રખાય. ઉપરમાં ૧૯૬૦૦ આજુબાજુ બજારને રેઝીસ્ટન્સ છે. ૧૯૭૫૦ ઉપરનો ક્લોઝ ૨૧૨૦૭ ફરી દેખાડી શકે છે. છેલ્લા બે સપ્તાહથી અમો આપને અત્રે હેડીંગમાં જણાવતા આવ્યા છીએ કે બજાર મેક ઔર બ્રેક મોડમાં આવી ચૂક્યું છે. ડેઈલી ચાર્ટ ઉપર સપોર્ટ લેવલોએ સપોર્ટ લઈ રહ્યું છે. તો ૧૯૭૩૦નો અવરોધ દેખાય છે. હવે ૧૮૨૭૦નો બંધ બજારને નવા લો તરફ લઈ જાય તો ૧૯૭૫૦ ઉપરનો ક્લોઝ બજારને ઉપર તરફ લઈ જાય.

સોમવારે ૧૮૩૬૦નો સ્ટોપલોસ રાખી ૧૮૩૭૦ આજુબાજુ લેણ કરાય.

સેન્સેક્સના સપોર્ટ અને અવરોધ.

**સપોર્ટ :**

(૧) ૧૮૫૧૯ (૨) ૧૭૯૮૩ (૩) ૧૭૬૮૬ (૪) ૧૭૩૧૭ (૫) ૧૫૯૭૬.

**અવરોધ :**

(૧) ૧૮૬૨૯ (૨) ૧૮૭૨૫ (૩) ૧૮૭૭૫ (૪) ૧૮૮૯૫ (૫) ૧૮૯૦૨ (૬) ૧૯૦૧૨.

૧૯૦૧૨ ઉપર તેજી ધ્યાન રાખવું.

**નિફ્ટી**

**બંધ : ૫૫૪૪.૭૫**

આવતા સપ્તાહમાં નિફ્ટી ફરી એકવાર ૨૦૦ ડીએમએ ક્રોસ કરવા પ્રયત્ન કરશે. નિફ્ટીના સપોર્ટ અને અવરોધ જોઈશું.

**સપોર્ટ :**

**રોકડાના સીલેક્ટીવ શેરોમાં મોટી તેજીના એંધાણ મળી રહ્યા છે, જેમાં ૩ થી ૬ માસના ગાળામાં અમુક શેરોમાં ૧૦૦ થી ૫૦૦ ટકાનું રીટર્ન મળી શકે છે**

(૧) ૫૪૯૩ (૨) ૫૪૭૨ (૩) ૫૪૪૪ (૪) ૫૩૮૨.

**અવરોધો :**

(૧) ૫૫૬૩ (૨) ૫૬૧૪ (૩) ૫૬૮૨ (૪) ૫૬૯૪ (૫) ૫૭૫૫.

આવતું સપ્તાહ એક્સ્ટ્રા ઓર્ડીનરી એક્ટીવિટીનું દેખાય છે. બાકી હવે બજારમાં આવનારા કોર્પોરેટ રીઝલ્ટની



અને બાદમાં ચોમાસાની પ્રગતિ ઉપર બધો આધાર છે.

મે માસના છેલ્લા સપ્તાહથી રોકડાના સીલેક્ટીવ શેરોમાં તેજીના તોફાનો થતા જોવા મળશે.

આજે યુનાઈટેડ પ્રોગ્રેસીવ એલાયન્સનો પાંચમાંથી ત્રણ સ્ટેટમાં વિજય. સારા આઈઆઈપી તેમજ એક્સપોર્ટ ડેટા તેમજ ક્રૂડ ઈન્ફ્લેશન છેલ્લા ૧૮ મહિનાના તળિયે જઈ બેઠું છે. જેને લઈને સોમવારે બજારમાં દરેક ઘટાડે જરૂરી સ્ટોપલોસ સાથે તેજીનો વેપાર જ કરાય એવું અમારું માનવું છે.

## આઈઆઈપી, નિકાસના આંકડા દર્શાવે છે કે અર્થતંત્ર સારી પરિસ્થિતિમાં છે

આ બાબતો બતાવે છે કે હવે ભારતની ગાડી પાટા ઉપર જ ચાલે છે. આ હકીકત છે જે દર્શાવી રહેલ છે છેલ્લા આર્થિક આંકડાઓ. અગાઉના ચાર માસ સુધી ૫ ટકા નીચે જ રહેલો આદ્યોગિક વિકાસ માર્ચ માસમાં ૭.૩ ટકા નોંધાયો, ૩૦ મી એપ્રિલના રોજ પુરા થતા સપ્તાહના ફૂગાવાના આંકડાઓએ ૧૮ માસની નીચી સપાટી એટલે કે ઘટીને ૭.૭ ટકા આવ્યા. એપ્રિલ માસમાં નિકાસ ૩૪ ટકા વૃધ્ધિ સાથે ૨૩.૯ બિલિયન ડોલર થઈ, જયારે આયાતો માત્ર ૧૪.૧ ટકો વધીને ૩૨.૮ બિલિયન ડોલર થઈ. ટેક્ષ લગાવવા વાળા પણ ખુશ છે કારણ કે એપ્રિલ માસનું કુલ ટેક્ષ કલેકશન પણ ૧૫ ટકા વધ્યું. પરંતુ ઉધોગો અને અર્થશાસ્ત્રીઓ આ ઉજવણી કરવાના મુડમાં નથી. એક માસનો ઉંચો ઔધોગિક વિકાસ લાંબા ગાળાના નબળા ઉત્પાદનના સુધારાને પ્રતિબિંબિત કરતો નથી. તેઓએ જણાવેલ છે કે ‘ આ ખરાબ અને સારા સમાચારોના સાપ્તાહિક અને માસિક વર્તૂળ માટે કોઈ વધુ પ્રતિભાવ આપવા ન જોઈએ. સારા સમાચાર એ છે કે આપણને, ભાવની દ્રષ્ટિએ અને ઔધોગિક ઉત્પાદન મોરચે આવું સપ્તાહ સાંપડયું, જેનું વધુ પડતું અર્થઘટન ન કરવું જોઈએ.તેજ રીતે જયારે અર્થતંત્ર કોઈ સપ્તાહ કે માસ દરમ્યાન ખરાબ દેખાવ કરે ત્યારે પણ આપણે વધુપડતા નિરાશાવાદી થવું જોઈએ નહીં. આ બાબત નાણા મંત્રીશ્રી પ્રણવ મુખરજીએ જણાવેલ છે.અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપી રહેલ છે કે ખાદ્ય ચિજોનો ફૂગાવો હજુ પણ ઉંચી સપાટીએ છે અને ખાદ્ય ચિજો સિવાયની ચીજો અને વૈશ્વિક કોમોડીટીના ભાવ ઉત્પાદિત ઉત્પાદનો પર દબાણ પણ વધારી રહેલ છે.

ખાદ્ય ચીજો સિવાયની ચીજોના પ્રારંભિક ભાવ મેન્યુફેકચરીંગ સેકટરમાં પડતરના ભાવ ઉંચા લાવીને ફૂગાવાની સ્થિતિને ઉપર તરફ ધકેલી રહેલ છે તેમ પણ નાણાપ્રધાનશ્રીએ જણાવેલ છે.

અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે ખરેખર તો સેન્ટ્રલ બેંકને પણ આ રુખમાં ઘટાડો થવાની અપેક્ષા ન હતી. વર્ષો વર્ષ નિકાસનો વિકાસ થતો જાય છે પરંતુ ક્રમિક રીતે માર્ચમાં ૪૪ ટકા ઘટાડો થયો. ‘માર્ચ હંમેશ માટે પીક માસ રહેલ છે.’ મને ચિંતા નથી તેમ કોમર્સ સેક્રેટરીએ જણાવેલ છે. ભારતના માલની નિકાસ અગાઉના નાણાકીય વર્ષમાં ૨૪૬ બિલિયન ડોલર હતી, એટલે કે ૩૭.૫૫ ટકા જેટલી પ્રભાવશાળી રીતે વધી છે.

ઈન્ડેક્ષ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન ( આઈ આઈ પી) આંકડા મુજબ માર્ચ માસમાં ઔધોગિક વિકાસ અગાઉના વર્ષના ૧૫.૫ ટકા સાથે સરખાવતાં ધીમો હતો. જો કે, નવેસમ્બર ૨૦૧૦ પછીના મહિનામાં આ આંકડાનો દેખાવ સારો એવો મજબૂત છે અને છેલ્લો દેખાવ સારો એવો મજબૂત છે.

આઈ આઈ પી માં ઉત્પાદનનો વિકાસનો દર ૮૦ ટકા દબાણ ધરાવે છે જે અગાઉના વર્ષના ૧૬.૪ ટકા સામે ઘટીને અડધા જેટલું એટલે કે ૭.૯ ટકા આવેલ છે પરંતુ તે છેલ્લા ફેબ્રુઆરી માસના ૩.૬૨ ટકા કરતાં ઉંચું છે.

કેપિટલ ગુડસ પણ ૧૨.૯ ટકા ઉપર ગયેલ છે. તે અગાઉના ૩ માસમાં ઘટેલ. તે એક વર્ષ પહેલાં ૩૬ ટકા ઉપર હતો.

બીજું, એક ઓફીશીયલ સ્ટેટમેન્ટ મુજબ પેસેન્જર કારમાં વૃધ્ધિ થયેલ છે. ઔધોગિક આંકડા દર્શાવે છે કે માર્ચ માસમાં પેસેન્જર કારનું ઉત્પાદન ૨.૫૬ ટકાથી વધીને ૩૩.૫૭ ટકા થયેલ છે. જો કે કન્ઝયુમર ડયુરેબલનો વિકાસ એક માસ પહેલાંના ૨૩ ટકા થી ઘટીને નીચે એટલે કે ૧૨.૩ ટકા આવેલ છે.

‘યશ બેંકના ચિફ અર્થશાસ્ત્રી જણાવે છે કે અમારા અગાઉના મૂળ આંકડા ઉત્પાદન અને કન્યુમર ડયુરેબલ પર નકારાત્મક અસરો દર્શાવી રહેલ છે.

૨૦૧૦-૧૧ ના વર્ષ માટે, ઔધોગિક વિકાસ દર એક વર્ષ અગાઉના ૧૦.૫ ની સામે ૭.૮ આવી ને ઉભો છે, જે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી)ના અંદાજ ૮.૧૫ ટકા કરતાં થોડો નીચે છે. ખરેખરતો, અર્થશાસ્ત્રીઓ જણાવી રહેલ છે ક ૨૦૧૦-૧૧નો જી ડીપી વિકાસ સેન્ટ્રલ સ્ટેટિટીકલ ઓર્ગેનાઈજેશનના અંદાજ મુજબ ૮.૬ ટકા થી વધુ નહીં હોય.

કોઈ પણ એમ પુછી શકે કે માર્ચ માસમાં આદ્યોગિક વિકાસ દર કેમ વધ્યો, તો કોઈ તેનો જવાબ આપી શકે તેમ નથી. આઈ આઈ પી નંબર પણ ખૂબ જ ચંચળ છે. એક માસના સાચા આંકડા રૂખની ઓળખ આપતા નથી. આ આંકડાનું અર્થઘટન સાવચેતીથી કરવાની જરૂરૂ છે. ક્રીસીલના મુખ્ય અર્થશાસ્ત્રી કહે છે કે અન્ડરલાઈન ટ્રેન્ડ દર્શાવે છે કે વિકાસ દર નબળો પડી રહેલ છે. ઈન્ડસ્ટ્રી ચેમ્બર ફીક્કી પણ ઔધોગિક વિકાસ માટે ઉત્સાહ દર્શાવી રહેલ નથી.ફીક્કીના ડાયરેકટર જનરલ જણાવે છે કે ‘આવનાર દિવસોમાં ઉત્પાદનનો વિકાસ દર ધીમો પડી શકે છે કારણ કે કોમર્શિયલ બેંકોએ ફરી વ્યાજ દર વધારી રહેલ છે.


# શેરબજારમાં કમાણી કરવા માટે

**શેરબજારમાં કમાણી કરવા માટે ડે-ટ્રેડીંગ - ઈન્ટ્રાડે - બીટીએસટી - એસટીબીટી પોઝીશનલ - ઈન્વેસ્ટમેન્ટ કોલ એન્ડ એફએન્ડઓની એડવાઈઝ માટે.**

**Contact : Mr. LALIT SHAH (Mobile : 098250 56396)**

**રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું.**


કોમોડીટી.. પા.નં. ૮ નું ચાલુ

### એમસીએક્સ સોનુ ૪ જુન ફયુચર (૨૧૯૧૮)

ડોલર ની શરૂઆતી મજબુતાઈ બાદ વોલેટાલીટી થી સોનામાં પણ સપ્તાહની શરૂઆતથી અંત સુધી ઉતાર ચઢાવ જોવા મળેલ. વૈશ્વિક ફુગાવો અને ક્રુડ ઓઈલ ની મુવમેન્ટ થી પણ સોનામાં બંન્ને તરફી ચાલ જોવા મળેલ. કોમેકસ ખાતે સોનાએ ૧૫૫૦ ની ઊંચી સપાટી બતાવ્યા બાદ ઘટાડાની ચાલ યથાવત રહેલ. કોમેકસ ગોલ્ડે ૧૪૮૩ ના નીચા સ્તરો બતાવી ૧૫૨૫ સુધીના ઉચ્ચતમ સ્તરો પણ બતાવેલ. કોમેકસ ખાતે સોનામાં ૧૫૨૭ ના અવરોધ ઉપર બંધ રહેતાં ૧૫૫૦ સુધી નો સુધારો જયારે ૧૪૭૫ નીચે બંધ રહેતાં ૧૪૫૫ સુધીના ભાવો જોવા મળેલ. એમસીએક્સ સોનુ સપ્તાહની શરૂઆતે રૂ ૨૧૯૦૦ આસપાસ ખુલી ૨૨૨૭૫ સુધીના હાઈ બતાવેલ. ૨૧૭૩૧ સુધીના નીચેના લેવલો બતાવેલ. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે સોનામાં ૨૧૫૫૩ ઉપર સુધારો જળ વાઈ રહે અને તે મુજબ જ સોનાએ ૨૧૭૦૦ આસપાસ ના લેવલો બતાવી ફરીથી ૨૨૧૦૦ ઉપરના ભાવ બતાવેલ જયારે મુખ્ય અવરોધ ૨૨૧૨૦ ઉપર બંધ આપેલ નહી.

બાય એન્ડ સેલ પા.નં. ૧ નું ચાલુ

સરકાર માટે ગેરસમજ ઉભી કરી શકે. હાલમાં કોમોડીટીના ભાવમાં ઘટાડાએ પણ આ સમયે બજારને થોડો ટેકો આપેલ છે, જો તેલના ભાવો વધે તો અપેક્ષા છે કે તે ફરી ઉપર તરફ ગતિ કરી શકે.

**ટેકનીકલી** જો નિફટી સ્પોટેબલ ૫૪૫૯ ની સપાટી જાળવી રાખે તો બજારમાં નવો નાણાકીય પ્રવાહ આવી શકે. જો નિફટી સ્પોટ ૫૬૦૩ની સપાટી ટકાવી રાખે તો આપણે હાલની સપાટીએથી થોડા પુલબેકની અપેક્ષા રાખી શકીએ. તેલના ભાવમાં કોઈ પણ વૃધ્ધિ, ૨ જી ઈસ્યુ અને કોમોડીટી ભાવોમાં બીજી વૃધ્ધિ પ્રોફીટ બુકીંગને જન્મ આપે, અને જો આમ બને તો આવતા સપ્તાહમાં ૫૩૩૪-૫૨૭૧-૫૨૨૬ ની સપાટી પણ જોવા મળી શકે.

**સેન્સેક્ષ ૧૮૫૩૧**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૧૬ મે, ૨૦૧૧ થી ૨૦ મે, ૨૦૧૧)**

આ સપ્તાહે ૧૮૭૨૯ અને ૧૮૩૯૨ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૮૭૨૯ ઉપર ટકી રહે અથવા તો ૧૮૩૯૨ નીચે ટકી રહે તો તે મજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૮૩૯૨, ૧૮૨૪૩, ૧૮૦૬૩ અને ૧૭૮૩૪

**પ્રતિકારક સપાટી :** ૧૮૭૨૯, ૧૮૯૩૬, ૧૯૦૮૦ અને ૧૯૧૭૯

**સેન્સેક્ષ તા. ૧૬.૦૫.૨૦૧૧**

આજે, જો સેન્સેક્ષ ૧૮૫૭૨થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૮૮૧૫-૧૮૯૩૬ રહેશે. નહીંતર તે ૧૮૨૪૩-૧૮૦૬૩ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૮૪૬૮, ૧૮૩૯૨, ૧૮૨૪૩ અને ૧૮૦૬૩

**પ્રતિકારક સપાટી :** ૧૮૫૭૨, ૧૮૭૨૯, ૧૮૮૧૫ અને ૧૮૯૩૬

**નિફ્ટી ૫૫૪૫**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૧૬ મે, ૨૦૧૧ થી ૨૦ મે, ૨૦૧૧)**

આ સપ્તાહે ૫૬૦૩ અને ૫૫૦૪ ની સપાટી અગત્યની રહેશે. જો નિફટી ૫૬૦૩ ઉપર અથવા તો ૫૫૦૪ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૫૦૪, ૫૪૫૯, ૫૪૦૫ અને ૫૩૩૪

**પ્રતિકારક સપાટી -** ૫૬૦૩, ૫૬૬૬, ૫૭૧૧ અને ૫૭૪૨

**તા.૧૬ મે, ૨૦૧૧ના રોજ નિફ્ટીની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૫૫૫૮ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૬૩૧-૫૬૬૬ દર્શાવી શકે. નહીંતર નિફ્ટી ૫૪૫૯-૫૪૦૫ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૫૨૬, ૫૫૦૪, ૫૪૫૯ અને ૫૪૦૫

**પ્રતિકારક સપાટી -** ૫૫૫૮, ૫૬૦૩, ૫૬૩૧ અને ૫૬૬૬

**ડીલીવરી પીક્સ**

**માઈક્રોટેક**

**હાલનો ભાવ રૂ. ૧૩૫**

રૂ.૧૨૬ થી ૧૨૩ ના મહત્વના ટેકાને ધ્યાનમાં રાખીને તેમ જ રૂ. ૧૧૦ નો સ્ટોપલોસ રાખીને ઘટાડે માઈક્રોટેક તબક્કાવાર ભેગા કરો, ટૂંકા ગાળાનો લક્ષાંક રૂ. ૧૫૦ થી ૧૮૦ અને વધુ

**વાલેચા એન્જીનીયરીંગ**

**હાલનો ભાવ રૂ. ૯૦**

બંધના ભાવે વાલેચા એન્જીનીયરીંગ થોડું જોખમ ઉઠાવીને ખરીદો, સ્ટોપલોસ રૂ. ૮૭ રાખો, એક બે સપ્તાહનો લક્ષાંક રૂ. ૧૦૦ - ૧૦૫ - ૧૦૮

**સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી**

**૧૬ મે થી ૨૦ મે ૨૦૧૧**

| SCRIP | CLOSE | SUP. | RESIS. |
|---|---|---|---|
| AMBUJACEM | 137 | 134,131 | 145,150 |
| AUROPHARMA | 195 | 191,186 | 204,213 |
| BHARTI | 370 | 366,363 | 381,386Abv 374 |
| CIPLA | 312 | 305,302 | 324,331Abv 312 |
| DIVIS | 707 | 700,689 | 725,738 |
| DRREDDY | 1664 | 1635,1620 | 1716,1743 |
| HDFC | 645 | 630,617 | 655,672 |
| HINDALCO | 199 | 197,194 | 204,207 |
| HPCL | 385 | 382,379 | 393,400 |
| ICICIBANK | 1076 | 1059,1044 | 1098,1137 |
| INFOSYSTCH | 2885 | 2862,2833 | 2925,2948 |
| ITC | 189 | 187,184 | 198,203 |
| JSWSTEEL | 936 | 924,909 | 973,1008Abv 948 |
| LIC | 224 | 221,216 | 234,239Abv 225 |
| MARUTI | 1226 | 1216,1203 | 1257,1278Abv 1216 |
| ONGC | 305 | 303,298 | 318,325 |
| RELCAPITAL | 527 | 516,505 | 555,570Abv 537 |
| RELIANCE | 950 | 945,938 | 966,981 |
| SAIL | 155 | 152,149 | 163,168Abv 158 |
| SBIN | 2650 | 2633,2616 | 2688,2715 |
| SESAGOA | 296 | 294,291 | 303,312 |
| STER | 169 | 167,164 | 174,177 |
| TATAMOTORS | 1215 | 1200,1185 | 1257,1278Abv 1235 |
| TATAPOWER | 1236 | 1221,1210 | 1260,1289 |
| TATASTEEL | 594 | 588,581 | 609,618 |
| TCS | 1127 | 1117,1104 | 1158,1177Abv 1104 |
| WIPRO | 442 | 434,427 | 455,468Abv 446 |

**શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો**


ગુજરાતની બીજી હરિયાળી
ક્રાંતિ તરફ આગેકૂચ
કૃષિ મહોત્સવ ૨૦૧૧
પ્રારંભ અખાત્રીજ : તા.૦૬-૦૫-૨૦૧૧ થી તા. ૦૪-૦૬-૨૦૧૧
દશ વર્ષમાં ₹૧૪,૬૬૩ કરોડથી વધીને ₹૫૯,૧૮૦ કરોડની વિક્રમજનક ખેતીની આવક
છેલ્લા દશ વર્ષમાં કપાસની ઉત્પાદકતામાં છ ગણો વધારો
દશ વર્ષમાં ફળ અને શાકભાજીનુ ત્રણ ગણું ઉત્પાદન
રાજયના તમામ ખેડૂતોની જમીનના નમુનાની ચકાસણી
રાજયના તમામ ૪૬.૬૧ લાખ ખાતેદાર ખેડૂતોને અકસ્માત વીમા યોજના
ગુજરાતના દૂધ ઉત્પાદકોને સમગ્ર ભારતમાં સૌથી વધુ દૂધના ખરીદ ભાવ મળે છે
મત્સ્ય નિકાસ દશ વર્ષમાં ₹ ૬૨૫ કરોડથી વધીને ₹ ૧૮૩૮ કરોડ
શ્રી દિલીપભાઈ સંઘાણી
નરેન્દ્રભાઈ મોદી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
શ્રી કનુભાઈ ભાલાળા
શ્રી ઇશ્વરભાઈ પટેલ
શ્રી પરશોતમભાઈ સોલંકી

# ઇલેકશનનો ઊભરો બે દિવસ ટકે તો માર્કેટ આગળ વધે

મિત્રો જય જલારામ,

વિતેલો સપ્તાહ શેર બજાર માટે નબળો રહ્યો પરંતુ સપ્તાહને છેલ્લે દિવસે રાજ્યોની ચૂંટણીના પરિણામોએ બજારને ટેકો આપ્યો તેથી સેન્સેક્સ ૧૯૫ પોઈન્ટ વધીને તથા નીફ્ટી શુક્રવારે ૫૮ પોઈન્ટ વધીને બંધ રહ્યો તેથી સરવાળે સપ્તાહને અંતે સાપ્તાહિક બંધ ફેરફાર વગરનો ફ્લેટ આવ્યો. સપ્તાહ દરમિયાન સેન્સેક્સ ૧૨ પોઈન્ટ વધીને તથા નીફ્ટી ૭ પોઈન્ટ

**કલમ કોટકની**



શરદ કોટક
મો. ૯૮૨૫૦૬૮૨૧૧
Skotak@ki-trade.com
www.ki-trade.com
http://ki-trade.financial.officelive.com/default.aspx

ઘટીને બંધ આવ્યો. આજે શુક્રવારે સાંજે ત્રણ-ચાર દિવસ માટે મુંબઈ પૂના જવાનું હોવાથી લેખમાં વધારે ચર્ચાને અવકાશ નથી પરંતુ નીફ્ટી સોમવારે ૫૫૭૭ ઉપર બંધ આપી ટકી રહે તો આગળ જતાં પ્રથમ ૫૫૭૭ અને ત્યાર બાદ ૪૯૮૨ ઉપર રેસિસ્ટન્સ વિશે વિચારવું વધઘટે નીફ્ટી એક્સપાયરી પહેલાં ૫૯૪૪નો લેવલ દેખાડે તો નવાઈ ન પામતાં.

ભારતીય બજારો હાલે વિવિધ કારણોથી દબાણમાં છે. સતત કૌભાંડો બહાર આવતાં રહ્યા, કંપનીઓનાં પરિણામો બહુ આકર્ષક ન જોવા મળ્યા. વિદેશી ફંડોની સતત તથા છેતરામણી વેચવાલી મોંઘવારી સતત ઉપરના મથાળે ટકી રહેવી વગેરે કારણો થકી બજાર દબાણમાં રહી. પરંતુ જુન માસમાં આ કારણો થોડા બજાર માટે નબળા પડશે અને સારા ચોમાસા થકી મોંઘવારી કડાકા સાથે ઘટશે અને દિવાળી આસપાસ સારા વરસાદ થકી તથા ખેતી આધારિત સારી આવકો થતાં ખરીદી વધશે જે બજારમાં કેપીટલ ગુડ્ઝ, કન્યુમર ડ્યુરેબલ, ઓટોમોબાઈલ તથા ઘણાં ઘટી ગયેલા બેંકિંગ ક્ષેત્રને ટેકો આપશે જેથી બજાર ૨૦૧૧ની ત્રીજા ત્રિમાસિક ગાળાથી વધવા માંડશે જેની સંપૂર્ણ અસર ૨૦૧૨માં જોવા મળશે.

ડીલેવરી માટે ખરીદવા લાયક શેરઃ

૧. **Larsen & Toubro :**
બંધ ભાવઃ ૧૫૨૮

૧૪૭૦ તથા ૧૪૫૦ના ઘટાડે આ શેર તમારા પોર્ટ ફોલીઓમાં ઉમેરો. એક સપ્તાહમાં ૧૬૦૦ ઉપરનો ભાવ દેખાડશે તથા ત્રણ મહિનામાં ૧૮૨૮નો ભાવ દેખાડશે ત્રણ મહિનામાં ૨૦ટકાનો નફો થવાની શક્યતા.

## નીફ્ટી બંધઃ૫૫૪૪:૭૫

સપ્તાહને અંતે બજારના સેન્ટીમેન્ટમાં થોડો સુધારો થતો જોવાયો છે.

સપ્તાહ માટે ૫૪૪૦નાં સ્ટોપલોસે લેણ કરો. પ્રથમ ટાર્ગેટ ૫૭૭૭ અને બીજો ટારગેટ ૫૯૧૧ એક્સ્પાયરીમાં જોવા મળે.

સોમવારે ૫૪૭૬ નીચે નીફ્ટી જાય તો લેણમાંથી નીકળી જવું તથા દૈનિક ટ્રેડરોએ ૫૬૫૦ આસપાસ સોમવારે અથવા મંગળવારે નફો બુક કરવો. એક્સપાયરી સુધી રાહ જોઈ શકનાર ફ્યુચરનાં ટ્રેડરોએ ૫૭૭૭ અને ૫૯૧૧ વચ્ચે તબક્કાવાર બુક કરવો.

**૫૬૨૫ ઉપર ૫૬૬૬, ૫૭૦૬, ૫૭૪૭... ૫૪૬૦ નીચે ૫૪૪૦, ૫૪૧૦, ૫૩૮૦....**

# કોમોડીટી, ક્રુડના કડાકા ચૂંટણી પરિણામો ભારતીય શેરબજારો માટે ખુબ જ પ્રોત્સાહક નીવડે

ગયા સપ્તાહે જણાવ્યા મુજબ, ૫૫૯૪ ઉપર ૫૬૨૨.૮૦ જોવાયેલ.... આંતરરાષ્ટ્રીય શેરબજારો, કોમોડીટી-બજારો તથા ચૂંટણી પરિણામોને હિસાબે માર્કેટમાં ખૂબ જ તોફાની વધ-ઘટ નોંધાયેલ હતી... તે માહિતી માટે

ગયા સપ્તાહની સ્ટોક ફ્યુચરની ભલામણોમાંથી, ઈન્ફોસીસ ૨૮૭૩ વાળો ૨૯૧૪, એલઆઈસી ૨૦૭ વાળો ૨૨૫, લ્યુપીન ૪૨૨ વાળો ૪૪૫ જેવાં ભાવો જોવાયેલ... તે માહિતી માટે ફક્ત....

નીફ્ટી ફ્યુચર (૫૫૫૮.૯૦): ૫૬૨૫ ઉપર ૫૬૬૬, ૫૭૦૬, ૫૭૪૭ જોવા મળે... ૫૪૬૦ નીચે ૫૪૪૦, ૫૪૧૦, ૫૩૮૦ જોવા મળે... લેખ વાંચનારે અંગત કેપેસીટી/ જોખમાનુસાર સ્વનિર્ણયે વેપાર કરવો...

**હોટ પોઝીશનલ સ્ટોક ફ્યુચર્સઃ**

૧. સુઝલોન (૫૩.૧૦): રૂ.૫૧ સ્ટોપલોસ... નજીકમાં જ ૫૭થી ૬૨....

૨. એલઆઈસી (૨૨૨.૨૦) રૂ.૨૧૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૩૦થી ૨૩૯....

**બાજ નજરે**



પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com
http://letusgrowtogether111.blogspot.com

૩. એક્સીસ (૧૨૪૫.૭૫) રૂ.૧૨૦૯ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૨૭૦થી ૧૨૯૬....

૪. રીલા.ઈન્ફ્રા (૬૧૩.૭૦): રૂ.૫૯૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૬૩૦થી ૬૫૩....

૫. એચડીએફસી (૬૪૮.૧૫) રૂ.૬૩૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૬૬૨થી ૬૮૦....

**હોટ વીકલી સ્ટોક ફ્યુચર્સઃ**

૧. આઈટીસી (૧૮૯.૮૫): રૂ.૧૮૨ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૯૪થી ૧૯૮....

૨. આઈડીબીઆઈ (૧૩૭.૫૦): રૂ.૧૩૩ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૪૨થી ૧૪૭....

૩. આઈએફસીઆઈ (૫૦): રૂ.૪૭ સ્ટોપલોસ... નજીકમાં જ ૫૬થી ૫૯....

૪. પ્રાજ (૭૭.૭૦): રૂ.૭૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૮૬થી ૯૩....

૫. યુનીટેક (૩૬.૯૦) રૂ.૩૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૪૧થી ૪૬....

હોટ શોર્ટ-ટર્મ ડિલેવરીબેઈઝ રોકાણઃ

૧. એસસીઆઈ (૫૨૩૫૯૮) (૧૦૯.૮૦) નજીકમાં જ ૧૧૭થી ૧૨૨....

૨. જે.પી. પાવર (૫૩૨૬૨૭) (૪૭.૧૫): નજીકમાં ૫૪થી ૫૯....

૩. સેસાગોવા (૫૦૦૨૯૫) (૨૯૬.૬૦): નજીકમાં જ ૩૦૬થી ૩૧૫....

૪. ડીસીબી (૫૩૨૭૭૨) (૬૧.૪૦): નજીકમાં જ ૬૪થી ૬૮....

૫. એલઆઈટીએલ (૫૩૨૭૭૮) (૩૩.૮૫): નજીકમાં જ ૩૭થી ૪૧...

૬. ટીટીએમએલ (૫૩૨૩૭૧) (૧૬.૬૫): નજીકમાં જ ૧૮થી ૨૧....

૭. આલોક (૫૨૧૦૭૦) (૨૫.૮૫): નજીકમાં જ ૨૮થી ૩૦...

૮. નાગા.ફર્ટી (૫૦૦૦૭૫) (૩૦.૪૫): નજીકમાં જ ૩૨થી ૩૫....

૯. એમઆરપીએલ (૫૦૦૧૦૯) (૭૪.૫૫): નજીકમાં જ ૮૦થી ૮૬...

૧૦. સ્ટર ટેક (૫૩૨૩૭૪) (૬૦.૫૦): નજીકમાં જ ૬૪થી ૬૮....

# સોનામાં ૨૨૨૨૦થી ૨૧૭૦૮ જયારે ચાંદીમાં ૫૮૨૭૧ થી ૫૧૧૧૭ મુખ્ય ટ્રેન્ડ ડિસાઈડર સાબિત થાય

સો પ્રથમ સર્વ વાચકમિત્રો ને નમસ્કાર. કોમોડિટી માર્કટ વિશે આર્ટિકલ આપતાં અમે ખુબ જ આનંદની લાગણી અનુભવીએ છીએ. અમારા આર્ટિકલથી વાચકમિત્રો સમક્ષ ખુબ જ ઉમદા અને શ્રેષ્ઠ કામગીરી બજાવવાને પ્રયત્નશીલ રહીશુ.

એનર્જી ઇન્ફોમેશન એડમિનીસ્ટ્રેશન (ઈઆઈએ) દ્રારા ઇન્વેટરી ડેટામાં ધારણા કરતાં વધુ મજબુત ઉછાળો જાહેર કરતાં, ચાઈનાનુ અર્થતંત્ર ધીમુ પડવાની દહેશત અને વૈશ્વિક માંગ મુખ્યત્વે કરીને યુએસમાં ક્રુડ ઓઈલની ડિમાન્ડ ઘટવાની ધારણાથી નાયમેક્સ ક્રુડ ઓઈલમાં બંન્ને બાજુની ચાલ જોવા મળેલ. બે વર્ષની નિમ્ન સપાટી બતાવી અમેરીકન ડોલરમાં સુધારો

નોધાતાં અને પેરિસ સ્થિત આઈઈએ દ્રારા ૨૦૧૧ માં ક્રુડની માંગ માં ઘટાડો નોધાવાના સંકેતો આપતાં ક્રુડ ઓઈલમાં કોઈ પણ ઉછાળો ટકેલ નહીં. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે ૯૩.૪૪ ડોલર ઉપર તેજી જોવા મળે અને તે મુજબ જ ૯૩.૪૪ ડોલર ઉપર તેજી જોવા મળેલ જયારે મુખ્ય અવરોધ ૧૦૦.૭૧ પાર કરતાં ૧૦૪.૫૯ ડોલર બતાવેલ.

નાયમેક્સ ક્રુડ ઓઈલે બે વાર ૯૩.૪૪ ડોલર નો સપોર્ટ લઈ ૧૦૦ ડોલર ઉપર નુ લેવલ બતાવેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર નાયમેક્સ ક્રુડ ઓઈલ રાઇઝિંગ વિડથ ઈથ ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે મુખ્ય અવરોધ ૧૦૦.૮૮ ડોલર ઉપર ૧૦૬.૧૭ ડોલર સુધીની તેજીના સંકેતો આપે છે જયાં ૧૦૬.૧૭ ડોલર ઉપર બંધ થતાં ૧૧૧.૨૦ ડોલર ના ભાવ જોવા મળે. મુખ્ય સપોર્ટ ૯૩.૪૪ નીચે બંધ રહેતાં ૮૯.૨૨ સુધીના લક્ષાંકો જોવા મળી શકેછે.

### કરન્સી અપડેટ ( ૪૪.૮૬)

નાયમેક્સ ક્રુડ ઓઈલમાં ઉતાર ચઢાવ ની પરિસ્થિતી અને સમગ્ર કોમોડીટી માં તીવ્ર વોલેટાલીટી ના સહારે બે વર્ષની નીચી સપાટીથી ડોલર માં સુધારો જોવા મળેલ. સપ્તાહની શરૂઆતમાં ડોલર ૪૪.૭૨ આસપાસ ખુલી ૪૪.૫૩ નો સપોર્ટ લઈ ૪૪.૯૯ સુધી નો સાપ્તાહીક હાઈ દર્શાવેલ. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે ૪૪.૫૮ નીચે બંધ રહેતાં જ વધુ મંદી જોવા મળે પરંતુ તેના નીચે બંધ આપેલ નહી જયારે મુખ્ય અવરોધ ૪૪.૯૦ પાર કરેલ પરંતુ તેની ઉપર બંધ આપવામાં નિષ્ફળ રહેલ.સાપ્તાહીક ચાર્ટ ઉપર ડોલર હેડ એન્ડ સોલ્ડર એસ એ રિર્વસલ ઈન અપટ્રેન્ડ ની રચના બનાવે છે જે ડોલર માં મુખ્ય અવરોધ ૪૪.૯૪ પાર કરી તેના ઉપર બંધ આપતાં ૪૫.૦૮ અને તેની ઉપર ૪૫.૩૫ સુધીનો ઉછાળો બતાવી શકે છે જયારે મુખ્ય સપોર્ટ ૪૪.૭૦ નીચે બંધ આપતાં ૪૪.૫૦ અને ત્યાર બાદ ૪૪.૩૦ સુધીના લક્ષાંકો બતાવી શકે છે.

### એમસીએક્સ ક્રુડ ઓઈલ ૨૦ જુન ( ૪૪૮૩)

નાયમેક્સ ક્રુડ ઓઈલમાં ઉતાર ચઢાવ નોધાતાં ઈઆઈએ દ્રારા ધારણા કરતાં વધુ સારા ઇન્વેટરી ડેટા આવતાં અને ડોલર ની મજબુતાઈ થી એમસીએક્સ ક્રુડ ઓઈલમાં બંન્ને તરફી ચાલ જોવા મળેલ. વૈશ્વિક ફુગાવો પણ ક્રુડ માટે મોટી સમસ્યા બની રહેલ છે. સપ્તાહની શરૂઆતમાં ક્રુડ ઓઈલ રૂ ૪૫૦૪ ઉપર ખુલી ઉંચામાં ૪૬૭૨ જઈ ૪૨૦૦ સુધીના નીચા સ્તરો બતાવેલ. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે ૪૧૮૦ નીચે બંધ આવતાં જ ઝડપી ઘટાડો જોવા મળે પરંતુ ૪૧૮૦ નો મજબુત સપોર્ટ તોડેલ નહીં જયારે ૪૬૨૦ ના અવરોધ ઉપર બંધ પણ આપેલ નહી. સાપ્તાહીક ચાર્ટ ઉપર ક્રુડ ઓઈલ સાયમેટ્રીકલ ટ્રાયગલ ઈન ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે ક્રુડ ઓઈલમાં મુખ્ય અવરોધ ૪૬૦૮ પાર કરી તેના ઉપર બંધ આપતાં ૪૭૭૭ અને ત્યાર બાદ ૪૭૭૭ ઉપર બંધ રહેતાં ૪૯૪૯ નો ઝડપી સુધારો જોવા મળી શકે છે. મુખ્ય સપોર્ટ ૪૨૭૭ નીચે બંધ આપતાં પ્રથમ ૪૧૮૦ અને તેની નીચે બંધ આપતાં ૩૯૦૦ ના વધુ નીચા સ્તરો જોવા મળે. ટ્રેડરોએ ક્રુડમાં વૈવિક પરિસ્થિતીનો ચિંતાર મેળવી પોઝિશન બનાવવી સલાહ ભરેલ છે.

**કોમોડિટી કોર્નર**



આશિષ નાયક
મો. ૮૦૦૦૭૯૭૬૮૧
rosenayak.1984@yahoo.com

### એમસીએક્સ કોપર ૩૦ જુન (૪૦૦.૬૫)

ચીને વ્યાજ દરો માં ફરીથી વધારો જાહેર કરતાં, વૈશ્વિક ટ્રેન્ડ માં પણ સુધારો જોવા ન મળેલ જેના થકિ એમસીએક્સ કોપરમાં સપ્તાહના મધ્ય સુધી દબાણ જોવા મળેલ જયાં ફરીથી કોપરે ૪૦૦ ઉપરના ભાવ બતાવેલ. ચીનમાં વધી રહેલ ફુગાવા ને ડામવા માટે ચાઈનાની સરકાર આકરા પગલા ભરશે જેની સીધી અસર કોપર ને ડીમાન્ડ ઉપર નોધાવે તેવા સવ થી કોપરમાં ઉપર ના સ્તરે થી વેચાણ જોવા મળેલ એક તરફ સર્વમાં કોપરની માંગ ઘટશે તેવા અહેવાલોથી કોપરમાં દબાણ જોવા મળેલ જયારે સપ્તાહના અંતમાં હેમ્બંગ (જર્મની) સ્થિત વિ વની સૌથી મોટી કોપર ઉત્પાદક ઓરુબીસ એ જણાવેલ કે કોપર ની ડિમાન્ડમાં કયારેય ઘટાડો જોવાશે નહી અને ખાસ કરીને ચીનમાં પણ ઘટાડો જોવા નહી મળે પરંતુ કોપરની માંગમાં વધુ ઉછાળો જોવા મળી શકે છે તેવા નીવેદનથી કોપરે ૩૮૮ થી ૪૦૪ સુધીનુ ઉચ્ચ લેવલ બતાવેલ. સપ્તાહની શરૂઆતે કોપર ૪૦૨ આસપાસ ખુલી નીચામાં ૩૮૭ નો લો દર્શાવી ૪૦૪ સુધીના ભાવ બતાવેલ. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે કોપરમાં ૩૮૮ ની સપાટી થી ઝડપી સુધારો જોવા મળે અને તે મજબ જ ૩૮૭ આસપાસ ના ન્યુનતમ ભાવો બતાવી ૩૮૮ પાર કરી ૪૦૪ સુધીના ઉચા લેવલો બતાવેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર કોપર ફોલીંગ વિડથ ઈન ધ બિંગનીંગ ઓફ એન અપટ્રન્ડ ની રચના બનાવે છે જે કોપરમાં મુખ્ય અવરોધ ૪૦૮ પાર કરી તેના ઉપર બંધ આપતાં ૪૧૪ અને તેની ઉપર બંધ રહેતાં ૪૨૬ સુધીના લેવલો બતાવી શકે છે જયારે નજીકના મુખ્ય સપોર્ટ ૪૯૭ નીચે બંધ રહેતાં ૩૮૮ અને તેની નીચે બંધ આપતાં ૩૮૦ સુધીના ભાવ જોવા મળે. કોપરમાં બ્રેક આઉટ લક્ષી વેપારથી સારો નફો કમાવવાની તક દેખાય છે.

અનુસંધાન પા.નં. ૬ ઉપર

# તા.૧૬ મે ૨૦૧૧ થી ૨૦ મે ૨૦૧૧ નાં ટ્રેડીંગ લેવલ્સ

અપેક્ષા મુજબ આખું સપ્તાહ ટ્રેડીંગ ઉપર નીચે થયું પણ ખૂબ જ સાંકડી રેન્જમાં. ઈન્ટ્રાડે વોલેટાલીટી સામાન્ય કરતાં ગણી વધારે હતી. જો કે તે બંને બાજુ મારા નિફ્ટી ટ્રેડીંગ લેવલ બાજુ જ હતું અને તેથી મારા વાચકોએ સારા એવા પૈસા બનાવ્યા.

શુક્રવારની તેજીમયતા - ચૂટણીનાં પરિણામો પછી - અજબ હતી કારણ કે પરિણામો બિલકૂલ અપેક્ષા મુજબ જ આવ્યાં. એફ આઈ આઈ અને ડી આઈ આઈ બંનેએ કામચલાઉ નકારાત્મક બતાવી. તેનો અર્થ એ હતો કે તે સંપૂર્ણ રીતે ઓપરેટર દ્વારા સંચાલિત રેલી હતી અને વિતરણનું એક બીજું ઉદાહરણ પણ હોઈ શકે. એપ્રિલના બીજા સપ્તાહ સુધી નાણા પ્રવાહ નકારાત્મક હતો, જે દર્શાવે છે કે અવારનવાર થતી તેજી રસ ધરાવતા તત્વો દ્વારા નિર્માણ કરવામાં આવે છે કે જેથી વેચાણ માટે તેઓ સારી સપાટી મેળવી શકે.

મેં મારી વેબસાઈટ પર જણાવ્યા મુજબ ચૂંટણીના પરિણામમાં એવું કંઈ જ નથી કે જે મેક્રોમાં સુધારો કરી શકે. અરે, નવીનીકરણની પ્રક્રિયાને પણ વેગ મળતો નથી - ગમે તેમ - બધા જ પક્ષો વળાંક લીધેલ દીશામાં ખેંચાઈ જઈ રહેલ છે.

નીચા કોમોડીટીના ભાવે ભારતીય બજારોને થોડો ધક્કો માર્યો છે પરંતુ હાલની પરિસ્થિતિમાં, જયારે માંગ જ ઘટી રહેલી દેખાઈ રહી છે, તે વધારાના નફામાં પરિવર્તિત થવાની નથી. નફાની સપાટી જળવાઈ રહે તે જ સારી બાબત છે.

**સાપ્તાહિક ટ્રેન્ડ**



માધવ રાનડે
મો. ૦૯૩૭૧૦૦૨૯૪૩
email: sumamura@dataone.in

કોમોડીટીના ભાવ અને યુરોપિયન પ્રોબ્લેમ (ગ્રીસ)ને કારણે વૈશ્વિક બજારો દબાણ અનુભવતાં હશે અને તે કારણે આવનાર સપ્તાહ પણ નીચે તરફ હશે

મોટાં કોર્પોરેટર હાઉસોએ તેમના વાર્ષિક / ચોથા ત્રિમાસિક પરિણામોથી કોઈ આશ્ચર્યનો આંચકો આપેલ નથી અને હવે એનાલીસ્ટો ના. વ. ૧૨ની કમાણીના ઘટાડાના દેખાવ પર વિચાર કરી રહેલ છે. મને આ માટે થોડી આશંકા તો હતી જ અને તે માટે મેં વારંવાર ચેતવણી પણ આપેલ છે જ.

બીજી વધુ માહિતી માટે મારી વેબસાઈટ WWW.SUMAMURA.COM ની મુલાકાત લેવાનું ચાલુ રાખો. તમારે આ વેબસાઈટમાં મોડયુલ્સ સેકશન જોવા માટે રજીસ્ટર્ડ થવાની જરરુ રહેશે મારી વેબસાઈટ ૪ એપ્રિલ ૨૦૧૧ થી પેઈડ વેબસાઈટ બનેલ છે. હાલમાં હું ખૂબ જ આકર્ષક શરુઆતના દર રાખી રહેલ છું. તમે બધાજ એટલે કે ૮ મોડયુલ્સ માત્ર રૂ. ૩૦,૦૦૦ માં આખું વર્ષ નિહાળી શકો છો. વધુ માહિતિ માટે મને ૯૩૭૧૦૦૨૯૪૩ પર કોલ કરી શકો છે.

યાદ રાખો મૂડી દુર્લભ છે અને તેનું સન્માન કરવું જરૂરી છે.

હું યાહુ મેલ પર પણ હાજર હોઉં છું, તમે મારો તે પર સંપર્ક કરી શકો છે. મારો યાહુ આઈડી madhavranade1 છે.

| Posn Trading Lvls | | Date | 16th / 20th may 2011 | |
|---|---|---|---|---|
| Index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 18410 | 18310/160/010/17860/710 | 18570 |
| | long | 18570 | 18720/850/980/19110 | 18410 |
| BSE Auto Index | short | 9300 | x | 9360 |
| | long | 9360 | x | 9300 |
| BSE Capital goods | short | 12750 | x | 12900 |
| | long | 12900 | x | 12750 |
| BSE FMCG index | short | 3800 | x | 3815 |
| | long | 3815 | x | 3800 |
| BSE Health index | short | 6128 | x | 6148 |
| | long | 6148 | x | 6128 |
| BSE Metal index | short | 15360 | x | 15480 |
| | long | 15480 | x | 15360 |
| BSE Oil & Gas index | short | 9770 | x | 9825 |
| | long | 9825 | x | 9770 |
| BSE PSU index | short | 8850 | x | 8920 |
| | long | 8920 | x | 8850 |
| BSE Realty index | short | 2170 | x | 2205 |
| | long | 2205 | x | 2170 |

# કાચા તેલમાં નબળાઈના સંકેત

સન ૨૦૧૧ના મે માસના ત્રીજા સપ્તાહનું પ્રતિનિધિત્વ કેતુનો ગ્રહ કરી રહેલ છે. આ સપ્તાહ દરમયાન ગ્રહોના રાજા પોતાની ઉચ્ચ રાશીમાંથી વૃષભ રાશીમાં પ્રવેશ કરશે. જયારે શુક્ર, મંગળ, ગુરુ અને બુધ મેષ રાશીમાં ભ્રમણ કરશે. આ બધા ગ્રહોની સ્થિતિ ભારતીય તેમ જ આંતરરાષ્ટ્રીય બજારોમાં મિશ્રીત રૂખ દર્શાવશે.

ગત સપ્તાહની, બજારોમાં અનિશ્ચિતતા તથા નબળાઈની અમારી ભવિષ્યવાણી સંપૂર્ણરીતે સાચી પડી છે તથા એચ પી સી એલ, તથા બી પી સી એલ જેવા શેરોએ તૂટતા બજારમાં પણ સારો એવો નફો અપાવ્યો. આશા છે કે વાચકોએ તેનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હશે.

ગ્રહ સ્થિતિ અનુસાર સપ્તાહની શરૂઆતમાં કાચા તેલમાં થોડી મજબૂતાઈ જોવા મળી શકે, પરંતુ સપ્તાહના મધ્યમાં કાચા તેલમાં નબળાઈ જોવા મળી શકે.

આંતરરાષ્ટ્રીય વ્યાપાર જગતમાં ખાતર તથા બીજ, ઓઈલ અને ગેસ, બેંકીંગ ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાં ખાસ વિશેષ હાલચાલ જોવા મળી શકે.

ભારતીય શેર બજારમાં નેશનલ ફર્ટીલાઈઝર્સ, આર સી એફ, રેનબક્ષી, એચ પી સી એલ, બી પી સી એલ જેવા શેરો પર નજર રાખી શકાય. આ બધા જ શેર મધ્યમ ગાળાના રોકાણ માટે યોગ્ય જણાય છે.

આ સપ્તાહ સિંહ રાશીના જાતકો માટે શુભ જણાય છે.આ રાશીનો સ્વામી સૂર્ય રાશીમાં દશમ સ્થાને બિરાજે છે તેથી તે લાભ આપશે. આ ઉપરાંત લાભનો સ્વામી બુધ,ભાગ્યનો સ્વામી મંગળ તેમ જ ગુરુ આઠમા સ્થાનમાં વિચરણ કરી રહેલ છે. આ બાબત સિંહ રાશી માટે ખૂબ જ શુભ તેમ જ પ્રભાવશાળી છે. સિંહ રાશીના સ્વામી માટે ૧ અને ૯નો

**એસ્ટ્રોમની ગુરૂ**



કર્નલ અજય
મો. 09414056705
www.astromoneyguru.com

આંકડો ખૂબ જ મહત્વનો હોય છે. તથા મહિનાની ૧, ૯, ૧૮, ૧૯, ૨૭ અને ૨૮ તારીખો પણ શુભ ફળ આપતી હોય છે. જો આ તારીખોમાં મંગળવાર અથવા તો રવિવાર આવી જાય તો તે વધુ શુભ ફળ આપે છે. વાયદા બજારમાં જોખમનું નિવારણ કરવું સદા યોગ્ય રહે છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387